# શ્રીમદ્ રાજચંદ્રજીના આશ્રમો વિષે વિગતવાર માહિતી

સંવત ૧૯૫૬ના માગસર માસમાં અંબાલાલભાઈ આદિ કેટલાક ખંભાતના ભાઈઓ મુંબઈ ગયેલા. શ્રીમદ્જીએ એમને ખંભાતમાં એક પુસ્તકશાળા સ્થાપવા સૂચવ્યું. એ સૂચનાને વધાવી લઈ સં. ૧૯૫૬ના માહ માસમાં ખંભાતમાં શ્રી સુબોધક પુસ્તકાલય સ્થપાયું.

આજ સં. ૧૯૫૬ના શ્રાવણ–ભાદરવા માસમાં–માંદગીને લીધે જ્યારે શ્રીમદ્જીની સ્થિતિ વઢવાણ કેમ્પમાં હતી ત્યારે–વીતરાગશ્રુતના પ્રકાશનાદિ અર્થે "શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ" ની સ્થાપના કરવામાં આવી.

સં. ૧૯૫૭માં એમના દેહ વિલય પહેલાં–એમની હાજરીમાં જ આત્મહિતના નિમિત્તભૂત સત્શ્રુત પ્રાપ્તિનું સાધકોને અર્થે નિમિત્ત ગોઠવાયું. આ બંને સંસ્થાઓ આજે પણ અસ્તિત્વમાં છે જ.

શ્રીમદ્જીના દેહવિલય પછી ગુજરાતાદિ વિશાળ ક્ષેત્રે પથરાયેલ એમના સાધકવર્ગે નિવૃત્તિ લઈ સાધના કરી શકાય અને સત્શ્રુત આદિ સાધનો પ્રાપ્ત કરી શકાય એવા હેતુથી શ્રીમદ્જીના પુનિત નામે નિવૃત્તિના સ્થાનો ઊભાં કર્યાં છે. સ્થાનકો સાથે વાંચન, વિચારણા અને ભક્તિ આદિ કાર્યક્રમો ગોઠવાયા. આજે આપણે જોઈએ છીએ તેમ આવાં સ્મારકના સ્થાનો ઠીક ઠીક વિસ્તરી રહેલ છે અને શ્રીમદ્નું સાહિત્ય, વિચારો અને સત્શ્રુત વિસ્તારવા યથાશક્તિ પ્રયત્ન કરી રહ્યાં છે.

આવાં સ્થાનકો શ્રીમદ્ રાજચંદ્રજીના મૂળભૂત વિચારો, સ્વાનુભવો, યથાર્થ વીતરાગ માર્ગની શૈલીની પ્રરૂપણા અને સમયક્ આત્મસ્વરૂપની પ્રાપ્તિના સાધનો અને કારણો બની રહી આ જગતના ત્રસિત જીવોને સાચા સુખનો માર્ગ બતાવવા સમર્થ થાઓ.

"શ્રી સત્પુરુષનું યોગબળ જગતનું કલ્યાણ કરો."

આ સ્મારકોના સ્થાનના જે જે ફોટાઓ મલ્યા તેને તેના નામ સાથે જુદા સળંગ શ્રીમદ્ રાજચંદ્ર–સ્મારકો તરીકે આ જ શતાબ્દી અંકમાં આપવામાં આવ્યા છે.

આવાં શ્રીમદ્ રાજચંદ્ર સ્મારક–સ્થાનોની સંક્ષિપ્ત માહિતી અત્રે આપવામાં આવે છે.

આ માહિતી જે તે સંસ્થાઓ તરફથી મળી છે તેને અનુસરી આપી છે.

## ૧. શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળ

મુંબઈ

વર્તમાન સ્થળ, શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસ :

સંવત ૧૯૫૬ના પયુર્ષણપર્વ ઉપર શ્રીમદ્ રાજચંદ્રજીની સ્થિતિ વઢવાણ કેમ્પમાં હતી. તેઓશ્રીની શરીર સ્થિતિ અસ્વસ્થ હોવાથી ઘણાં ગુણાનુરાગી ભક્તો એકત્ર થયા હતા. શ્રીમદ્જીની સૂચનાથી સાધકોને સાધનાના સાધનરૂપ સત્શ્રુત પ્રાપ્ત થાય અને લાંબો સમય ટકે એવી જ્ઞાન પ્રચારની યોજનાનો વિચાર થયો. અને એ યોજના ગુણાનુરાગી ભાઈઓએ સહર્ષ વધાવી લેતાં ત્યાં જ એક ટીપ થઈ. એમાં આશરે રૂા. ૯૦૦૦/– નવ હજારની રકમ ભરાઈ. સુવ્યવસ્થા માટે આ રકમ શ્રીમદ્જીને અર્પણ કરવામાં આવી. શ્રીમદ્જીની સૂચનાથી આ ટીપ મુંબઈ શેઠ રેવાશંકર જગજીવનદાસના નામથી ચાલતી પેઢી ઉપર મોકલી આપવામાં આવી. સં ૧૯૭૨ ની આખરે રોકડ તથા પુસ્તકો મલી રૂા.૨૫૩૬૪/– નું ભંડોળ આ મંડળ પાસે હતું.

શ્રી પરમશ્રુત પ્રભાવક મંડળની યોજના પરિપકવ થઈ અમલી બને તે પ્રથમ શ્રીમદ્જીની શારીરિક સ્થિતિ પ્રતિકૂળ થઈ અને સં. ૧૯૫૭ના ચૈત્ર વદ ૫ ના તો તેઓશ્રીનો દેહોત્સર્ગ થયો. એટલે આ યોજનામાં તે સમય દરમ્યાન કોઈ પ્રગતિ થઈ શકી નહીં.

શ્રીમદ્જીના દેહોત્સર્ગ પછી જૈન ભંડારોમાંના પુસ્તકો મેળવી ભાષાંતરો કરાવી પ્રગટ કરવાનું શકય નહીં જણાવાથી શ્રી વીતરાગ શ્રુતના સિદ્ધાંતો પૈકી ન્યાય, અને તત્ત્વવિષયક આદિ ગ્રંથોની પ્રસિદ્ધિ હિંદી અનુવાદરૂપે દ્વિમાસિક દ્વારા શરૂ કરવામાં આવી. પાછળથી દ્વિમાસિકને બદલે થોડા થોડા

અંતરે આખો ગ્રંથ એક સાથે પ્રગટ કરવાનું શરૂ કરવામાં આવ્યું. આ પ્રમાણે પ્રગટ થતાં પુસ્તકો "શ્રી રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા" અભિધાનની શ્રેણીએ શ્રીમદ્જીના સ્મારકરૂપે પ્રગટ કરવામાં આવ્યાં.

શ્રીમદ્જીએ સાધકોના પ્રશ્નોના પ્રત્યુત્તરરૂપે લખેલ પત્રો તથા કેટલાક સ્વતંત્ર ગ્રંથ-ભાવના બોધ, મોક્ષમાળા, આત્મસિદ્ધિ શાસ્ત્ર આદિ એક બૃહત્ પુસ્તકરૂપે "શ્રીમદ્ રાજચંદ્ર" એ નામથી સં. ૧૯૬૧માં, મોટો ખર્ચ કરી આ મંડળ તરફથી પ્રગટ કરવામાં આવ્યો.

આ ગ્રંથ છપાવવામાં તથા મંડળની દ્વિમાસિક શ્રેણી પ્રગટ કરવામાં સદ્ગત-મનસુખભાઈ રવજીભાઈ મહેતા, શ્રીમદ્જીના નાનાભાઈએ સારી મહેનત લીધી હતી.

આ મંડળનું નામ-શ્રીમદ્જીની સુચનાનુસાર મંડળના કાર્યને અનુરૂપ-"શ્રીપરમશ્રુત પ્રભાવક મંડળ" આપવામાં આવ્યું હતું. લોકસમૂહમાં ઉત્કૃષ્ટ જ્ઞાનનો પ્રચાર ફેલાવો કરનાર એમ એ નામનો ભાવાર્થ વિચારવામાં આવ્યો હતો.

મહાત્મા ગાંધીજીનો શ્રીમદ્જી પ્રત્યેનો ગુણાનુરાગ તો આજ પ્રગટ જ છે. એઓશ્રી તથા શ્રી. રેવાશંકરભાઈ જગજીવનદાસ એ બે આ મંડળના ટ્રસ્ટી હતા, બંનેની હયાતિ બાદ ભાઈશ્રી મણીલાલ રેવાશંકર ટ્રસ્ટી તરીકે વ્યવસ્થા સંભાળતા હતા. ત્યારબાદ કોઈ શ્રીમદ્જીની ગુણાનુરાગી સંસ્થા આ વ્યવસ્થા સંભાળે તો યોગ્ય થાય એવા વિચારથી ભાઈશ્રી મણીલાલ રેવાશંકરે આ મંડળની સમગ્ર વ્યવસ્થા શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ, અગાસના ટ્રસ્ટીઓને સં. ૨૦૧૪માં સોંપી. આજે આ આશ્રમના ટ્રસ્ટીઓની દેખરેખ નીચે આ કાર્ય ચાલી રહેલ છે.

આ આશ્રમે આ મંડળમાં નીચેના ગ્રંથો પ્રસિદ્ધ કર્યા છે.

૧. ગોમટ્ટસાર-જીવકાન્ડ અને કર્મકાન્ડ, ૨. સ્વામિ કાર્તિકેયાનુપ્રેક્ષા, ૩. પરમાત્મપ્રકાશ, ૪. યોગસાર. ૮. બૃહદ્ દ્રવ્ય સંગ્રહ ૯. અધ્યાત્મ રાજચંદ્ર આદિ.

## ૨. શ્રીમદ્ રાજચંદ્ર જન્મ ભુવન.

વવાણિયા

સૌરાષ્ટ્રના મોરબી શહેરથી આશરે વીસેક માઈલ દૂર થી વવાણિયા આવેલ છે. શ્રીમદ્ રાજચંદ્રજીનું આ જન્મ સ્થાન છે. શ્રી રવજીભાઈ પંચાણની મૂળ જગ્યા અને તેની આસપાસની જગ્યા લઈ શ્રીમદ્ રાજચંદ્રજીના જન્મ સ્થાને આ શ્રીમદ્ રાજચંદ્ર જન્મ ભુવન, શ્રી રણછોડભાઈના સુપુત્ર શ્રી ભગવાનલાલભાઈએ શ્રીમદ્જીના સુપુત્રી શ્રી જવલબેનની પ્રેરણાથી નિર્માણ કર્યું છે.

શ્રીમદ્ રાજચંદ્ર પ્રત્યે ભક્તિભાવવંત ભાઈઓનું આખા ભારતમાંથી આ સ્થાનના દર્શનાર્થે આવવું થાય છે.

આ જન્મ ભુવન સુંદર, આકર્ષક અને કલાત્મક બન્યું છે. સં. ૨૦૨૨માં અતિથિગૃહ અને ભોજનશાળાના મકાનો મુમુક્ષુઓની સગવડ માટે બંધાયાં છે. આ જન્મ ભુવનમાં શ્રી સદ્ગુરુ-પ્રસાદ, શ્રી જિનાલય, વ્યાખ્યાનહોલ, તથા અતિથિગૃહો-નો સમાવેશ થાય છે.

આ સ્થાનના ટ્રસ્ટીઓ શ્રી મનુભાઈ ભગવાનદાસ મોદી તે શ્રી જવલબેનના પુત્ર, વિગેરે ત્રણ છે. અને ભાઈ પ્રતાપભાઈ વોરા આ સ્થાનના વ્યવસ્થાપક છે.

વીરમગામથી નવલખી જતી ગાડીમાં મોરબીથી આગળ દહીંસરા સ્ટેશને ટ્રેઈન બદલાવી વવાણિયા જવાય છે.

## ૩. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન-પ્રકાશ મંદિર વવાણિયા.

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજીને સાત વર્ષની વયે સ્મશાનભૂમિમાં જે બાવળના વૃક્ષ પર જાતિસ્મરણ જ્ઞાન થયેલું તે જગ્યા રાજકોટવાળા શ્રી ત્રંબકલાલ મહેતાએ ખરીદી લીધી છે. શ્રી પોપટલાલની સદ્ભાવનાથી તેમના પુત્રથી રસિકભાઈ એ આ સ્થાન પર એક સુંદર નાનું જ્ઞાનપ્રકાશ મંદિર બંધાવ્યું છે. સં. ૨૦૦૮ની કાર્તિક પૂર્ણિમાએ શ્રીમદ્ રાજચંદ્રના પાદુકાજીની આ સ્થાને સ્થાપના

કરવામાં આવી છે. અને સં. ૨૦૨૦ના આસો વદ ૮ ના શ્રીમદ્ રાજચંદ્રજીની એક આરસમાં એમ્બોઝડ કરેલ ઊભી કાઉસગ્ગ મુદ્રાની પ્રતિમા સ્થાપિત કરવામાં આવી છે.

રમણીય અને દર્શનયોગ્ય આ સુંદર સ્થાન છે.

## ૪. શ્રીમદ્ રાજચંદ્ર શ્રી સુબોધક પુસ્તકાલય ખંભાત.

સં. ૧૯૫૬ના માગસર માસમાં શ્રી અંબાલાલભાઈ આદિ ખંભાતના કેટલાક ભાઈઓ મુંબઈ શ્રીમદ્જીના દર્શનાર્થે ગયેલા. આ પ્રસંગે શ્રીમદ્જીએ ખંભાતમાં પુસ્તકશાળા સ્થાપવાની જરૂર જણાવી. અને તે જલ્દી થાય એમ કરવા સૂચવ્યું. શ્રી અંબાલાલભાઈ એ શાળાનું નામ શું આપવું એમ પૂછ્યું. શ્રીમદ્જીએ સૂચવ્યું કે મત, ગચ્છ કે સંપ્રદાયસૂચક નામ ના હોવું જોઈએ. સૂબોધક પુસ્તકાલય ખંભાત એવું નામ આપો તો કેમ ? આ સૂચના વધાવી લેવામાં આવી અને સં. ૧૯૫૬ ના મહા સુદ ૫ ના આ પુસ્તકાલય શ્રી ગાંડાભાઈ ભાઈજીભાઈ પટેલના હસ્તે ખંભાત કુમારવાડામાં એક ભાડાના મકાનમાં ખુલ્લું મૂકવામાં આવ્યું. ત્યારબાદ સં. ૧૯૬૮માં ખંભાત લોંકાપરીમાં સ્વતંત્ર પુસ્તકાલયનું મકાન બંધાયું ત્યાં આ પુસ્તકાલય લઈ જવામાં આવ્યું.

આ પુસ્તકાલયમાં શ્રીમદ્જીના ચિત્રપટની સ્થાપના છે. પુસ્તક સંગ્રહ છે અને નિયમિત વાંચન–વિચારણા ચાલે છે.

## ૫. શ્રીમદ્ રાજચંદ્ર નિજાભ્યાસ મંડપ-વડવા ખંભાત

લબ્ધી વચન :

આજથી ૭૧ વર્ષ પૂર્વે સંવત ૧૯૫૨ની સાલમાં મહાન–તત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુદેવ આ વડવા ક્ષેત્રે પધાર્યા હતા. આ ક્ષેત્ર પુરાણા સમયથી વડવા એ નામથી વિખ્યાત છે.'વડ' અને 'વાવ' એ બન્ને ઉપરથી 'વડવા' એ નામ પ્રચલીત થયેલું જણાય છે.

વાવની બાજુની મેડી ઉપર પરમકૃપાળુદેવે નિવાસ કર્યો હતો. વડ વૃક્ષની છાયામાં બિરાજી જિજ્ઞાસુ ભક્તોને ઉપદેશ આપતા હતા. જે ઉપદેશ 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથમાં 'ઉપદેશછાયા' વિભાગમાં સમાવેશ પામે છે. શ્રીમદ્ પરમકૃપાળુદેવે ઉપરોક્ત મેડી ઉપરથી આંગળી ચીંધી જણાવ્યું હતું કે : "આ સામે દેખાય છે તે જગ્યા ઉપર તીર્થ–ધામ થશે. એ સુવર્ણ ભૂમિ છે." આ લબ્ધી વચન બરાબર વીશ વર્ષે ફળ્યું. "સંવત ૧૯૭૨ના અશ્વિન પૂર્ણિમાના રોજ શ્રીમદ્ પરમકૃપાળુદેવના અનન્ય ભક્ત રાજનગર નિવાસી ભાઈશ્રી પોપટલાલભાઈની નિશ્રામાં, સત્સંગી ભાઈઓના સહકારથી આ સુવર્ણ ભૂમિ ઉપર નિવૃત્તિ ક્ષેત્ર વડવાનું પાયાનું ખાત મુહૂર્ત અનેક મુમુક્ષુભાઈઓની હાજરીમાં ઉલ્લાસિત ભક્તિ પૂર્વક થયું."

**'પૂ.શ્રી પોપટલાલભાઈ' :**

પૂ. શ્રી પોપટલાલભાઈનો જન્મ સંવત ૧૯૨૫ના માગશર વદી ૧૦ના રોજ થયો હતો. માતાજીનું નામ અંબામા તથા પિતાજીનું નામ મહોકમચંદ હતું. નાનપણથી જ ધર્મ સંસ્કાર સાથે લાવ્યા હોય તેમ જોનારને જણાઈ આવતું હતું. આત્મકલ્યાણ માટે સાચા પુરુષની શોધમાં ઉદ્યમવંત હતા. તે માટે મારે આનંદઘનજી જેવા મહાત્મા પુરુષ જોઈએ એવી ભાવના ભાવતા હતા. સંવત ૧૯૫૪ના શ્રાવણ વદી ૧૩ના રોજ ચરોતર પ્રદેશના કાવિઠા ગામમાં શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુદેવનો પ્રથમ પ્રત્યક્ષ સમાગમનો લાભ મળ્યો, પંચાંગ નમસ્કાર કર્યાં. આખી રાત પર્યંત દેશના સાંભળી. જેની ઘેરી અસર આત્મપ્રદેશમાં થઈ. સત્પુરુષ મેળવવાની ભાવના સાંગોપાંગ ફળી જેથી ધન્યતા અનુભવી. પોતે અતિ ઉલ્લાસમાં ગાયું કેઃ

"આજ સફળ દિન માહરો, ગુરુરાજશું હળિયા."

પરમ સત્સ્વરૂપ પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્રજીને પરમસદ્ગુરુ પદે હૃદયમાં સ્થાપી સમ્યક્શ્રદ્ધાપૂર્વક જીવન સમર્પણ કર્યું.

સ્વાધ્યાય વ્યવસ્થાઃ

વયસ્થિત અને નિયમિત સ્વાધ્યાય માટે અમદાવાદ મસ્કતિ કાપડ મારકીટમાં મકાન ભાડે રાખ્યું. ત્યાં વાંચન-વિચાર-ભક્તિ સત્કથા આદિ સત્સંગ યોજના ચાલતી હતી પણ મનમાં એમ રહ્યા કરતું કે આ શહેરના ધમાલિયા વાતાવરણથી દૂર કોઈ નિવૃત્તિ સ્થાન થાય તો વધુ હિત સાધી શકાય. જેથી તેવી જગ્યાની શોધમાં હતા. સંવત ૧૯૭૨ની સાલમાં ખાસ સત્સંગી ભાઈઓ સાથે પૂ. શ્રી પોપટલાલભાઈ ખંભાત પધાર્યા. ત્યાંથી પરમકૃપાળુદેવના પરમપાવન ચરણથી પવિત્ર થયેલી વડવાભૂમિના દર્શન-સ્પર્શન અર્થે વડવા પધાર્યા અને ત્યાં અનાયાસે આ ભૂમિ પ્રાપ્ત થઈ.

પ્રથમ જણાવ્યા પ્રમાણે સં. ૧૯૭૨ની અશ્વિન પૂર્ણિમાએ ખાત મુહૂર્ત થયું. સંવત ૧૯૭૦ ના ચાતુર્માસ પહેલાં રહેવા લાયક ચાર ઓરડીઓ, કોઠાર તથા નાનું સરખું રસોડું તૈયાર થઈ ગયું અને ત્યારથી પૂ. ભાઈશ્રી પોપટલાલભાઈ સ્થિરતા પૂર્વક વડવે રહેવા લાગ્યા. સત્સંગીઓની અવર-જવર થવા લાગી. જેમ જેમ મુમુક્ષુભાઈઓની સંખ્યા વધવા લાગી તેમ તેમ બાંધકામ પણ વધવા લાગ્યું. અનુક્રમે ગુરુમંદિર, જિનમંદિર, સ્વાધ્યાયમંડપ, પુસ્તકભંડાર, પુરાણપુરુષમંદિર, મોટું રસોડું, દવાખાનું, પરબડી તથા રહેણાક માટે મેડાબંધ ઓરડીઓ પૂ. ભાઈશ્રી નિશ્રામાં બંધાઈ ગયું.

ગુરુમંદિરમાં પરમકૃપાળુદેવનો ચિત્રપટ પધરાવ્યો હતો. સંવત ૧૯૮૨ના માગશર સુદી ૭ના રોજ જિનમંદિરમાં વીતરાગ ભગવંતોની મુદ્રા શ્રી આદિનાથ, શ્રી પાર્શ્વનાથ, શ્રી ચંદ્રપ્રભુ, શ્રી મુનિસુવ્રત સ્વામીની પ્રતિષ્ઠા વિધિપૂર્વક થઈ.

સ્વપર હિતાર્થે પૂ. ભાઈશ્રીએ આ નિવૃત્તિ સ્થાનમાં સુંદર યોજના કાયમ કરી. (૧) ધ્યાન માટે વીતરાગ મુદ્રા (૨) જ્ઞાન માટે પુસ્તક ભંડાર અને તેનો સ્વાધ્યાય (૩) નિવાસ માટે નિવૃત્તિ સ્થાન (૪) તૃપ્તિ માટે સામુદાયિક ભોજન વ્યવસ્થા (૫) અસ્વસ્થતા દૂર કરવા માટે દવાખાનું કોઈપણ ભાઈ અગર બહેન શ્રીમદ્ પરમકૃપાળુ દેવ ઉપર ભક્તિભાવ ધરાવતા હોય તેઓ નિવૃત્તિ લક્ષે સંયમ પૂર્વક આ નિવૃત્તિ ક્ષેત્રમાં નિવાસ કરી સ્વાધ્યાય-સત્સંગ-ભક્તિ આદિ કરી શકે છે. તેમાં કોઈ જાતિ-ભેદ મૂળથી જ રાખ્યો નથી. રસોડું બદલાની આશા વિના ચાલે છે. કોઈને જુદું રસોડું કરવા દેવામાં આવતું નથી. સ્ત્રી-પુરુષને જુદા જ ઊતરવાનું હોય છે. આ તેની સામાન્ય પ્રણાલિકા છે.

સંવત ૧૯૭૨માં વડવા, સંવત ૧૯૮૦ માં અમદાવાદ પાંચભાઈની પોળમાં શ્રીમદ્ રાજચંદ્ર પાઠશાળા અને સંવત ૧૯૮૮માં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર કલોલની સ્થાપના કરી શ્રીમદ્ રાજચંદ્ર પરમકૃપાળુદેવની સત્યસ્મૃતિ કાયમ કરી છે. કાર્તિક પૂર્ણિમા, ચૈત્ર વદી ૫, અને પર્યુપણ પર્વમાં મુમુક્ષુઓની ભીડ રહે છે. શ્રીમદ્ પરમ કૃપાળુદેવની આરસમુદ્રા સંવત ૧૯૭૨માં ભરાવી તૈયાર કરાવી હતી. તેની સ્થાપના પૂજ્ય ગાંધીજી હસ્તે થાય તેવી પૂજ્ય ભાઈશ્રીની ભાવના હતી. પરંતુ તે ભાવના અધૂરી રહી. સંવત ૧૯૮૮ના આસો સુદી હતી. સાંજે પૂ. ભાઈશ્રીએ અમદાવાદ શ્રીમદ્ રાજચંદ્ર શાળામાં અનેક ભાઈ-બહેનોની હાજરીમાં સમાધિપૂર્વક દેહ છોડયો. અગ્નિ સંસ્કાર વિધિ સુદ ૭ની સવા થઈ. મુમુક્ષુ ભાઈબહેનોમાં ઘેરા દુઃખની લાગણી ફરી વળી.

ત્યારબાદ ત્રેવીસ વર્ષે સંવત ૨૦૧૧ના ફાગણ સુદી ત્રીજના રોજ ગુરુમંદિરમાં શ્રીમદ્ પરમકૃપાળુદેવની આરસમુદ્રાની પ્રતિષ્ઠા વિધિપૂર્વક કરવામાં આવી.

## ૬. શ્રી સનાતન જૈનધર્મ

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ;
અગાસ (બોરીઆ).

સ્થાપનાઃ

ગુજરાતના એક રમણીય પ્રદેશ ચરોતર (ચારુતર) ના અગાસ સ્ટેશન પાસે સં. ૧૯૭૬માં અનેક સ્થળેથી એકત્ર થયેલા તે પુરુષાર્થશીલ મુમુક્ષુઓએ જ્યારે જાતે કોદાળી પાવડા ઊંચકયા ત્યારે ભાગ્યે જ તેઓ ધારતા હશે કે વર્તમાનકાળના અધ્યાત્મયુગ પ્રવર્તક, શ્રીમદ્ રાજચંદ્ર પ્રણીત અધ્યાત્મજીવનની ભાગીરથીને કલ્યાણમૂર્તિ શ્રી લઘુરાજસ્વામી દ્વારા તેઓ ચરોતરમાં અવતારી રહ્યા

છે. શ્રીમદ્ રાજચંદ્રના પરમ અને અનન્ય ભક્ત મુનિશ્રી લઘુરાજ સ્વામીજી તેમની ઉત્તરાવસ્થામાં જો કોઈ એકાંત સ્થળે સત્સંગ અને ભક્તિના ધામરૂપ આશ્રમ જેવું કંઈક કરી નિવાસ કરીને રહે તો ઘણાં મુમુક્ષુઓને તેમના સત્સમાગમનો સારો અને સતત લાભ મળી શકે એવા હેતુથી સં. ૧૯૭૬ ના કારતક સુદ ૧૫ના રોજ સંદેસર મુકામે એક ટીપ થયેલી તેમાં રૂા. ૧૭૪૦૨ ભરાયા. તુરંત જ તેની પડોશના અગાસ સ્ટેશનની બાજુમાં આશરે પંદરેક વીંઘાં જમીન ખરીદવામાં આવી. આ જમીનમાં ત્રણેક ઓરડીની એક ધર્મશાળા બાંધવાનું નક્કી થયું. આ રીતે આશ્રમની શરૂઆત થઈ.

નામ:

મુનિશ્રી લઘુરાજ સ્વામીની છત્રછાયા નીચે આ આશ્રમની ઉત્પત્તિ થઈ તેથી ભક્તજનોએ શરૂઆતમાં આ આશ્રમનું નામ 'શ્રી લઘુરાજ આશ્રમ' રાખ્યું. પરંતુ પોતાનું નામ કે સ્થાપના પણ નહિ રાખવાની ઇચ્છાવાળા કેવળ નિઃસ્પૃહ અને પરમ ગુરુભક્ત મહર્ષિ મુનિશ્રીએ એમ સૂચવ્યું કે પોતાનું સહજ સ્વરૂપ ભજતાં શ્રીમદ્ રાજચંદ્ર દ્વારા પરમાર્થથી જે કોઈ મુમુક્ષુનું કે જનસમુદાયનું કલ્યાણ થયું છે તેનો બદલો કોઈ રીતે વળી શકે તેમ નથી. એ કલ્યાણનું સ્વરૂપ સહજમાં લક્ષમાં આવે તેમ નથી. ગુરુ ગમે તે ક્ષેત્રમાં પ્રવેશ કર્યે સમજાય તેવા કલ્યાણના યતકિંચિત્ સ્મરણરૂપ પ્રત્યુપકાર દાખવવા રૂપે શ્રીમદ્જીના આ સ્થુલ કીર્તિ સ્થંભનું નામ "શ્રી સનાતન જૈન ધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ" રાખવું. તેથી તે પ્રમાણે મુનિશ્રીની ઇચ્છાનુસાર આ આશ્રમનું નામ "શ્રી સનાતન જૈનધર્મ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ" રાખવામાં આવ્યું.

આદર્શ:

શ્રીમદ્ રાજચંદ્ર જણાવે છે કે "હું કોઈ ગચ્છમાં નથી, પણ આત્મામાં છું, એ ભૂલશો નહિ." "સનાતન આત્મધર્મ શાંત થવું, વિરામ પામવું, તે છે; આખી દ્વાદશાંગીનો સાર પણ તે જ છે. તે ષડ્દર્શનમાં સમાય છે અને તે ષડ્દર્શન જૈનમાં સમાય છે. જૈન ધર્મનો આશય, દિગંબર તેમજ શ્વેતાંબર આચાર્યોનો આશય, ને દ્વાદશાંગીનો આશય માત્ર આત્માનો સનાતન ધર્મ પમાડવાનો છે અને તે જ સારરૂપ છે. આ વાતમાં કોઈ પ્રકારે જ્ઞાનીઓનો વિકલ્પ નથી. તે જ ત્રણે કાળમાં જ્ઞાનીઓનું કહેવું છે, હતું અને થશે." એ લક્ષ રાખીને આશ્રમના આત્માર્થીજનો, એ મહાપુરુષે છએ દર્શનોનો અભ્યાસ કરી જે આત્મસ્વરૂપનો નિર્ણય અને સાક્ષાત્કાર કરી પોતાનું જીવન સહજાત્મસ્વરૂપમય બનાવ્યું હતું, તે નિષ્પક્ષપાતી તત્ત્વનો અનુભવ કરવા પ્રયત્નશીલ છે. સનાતન જૈન એવું નામ આપવામાં આવે છે ત્યાં પણ જૈન શબ્દનો વિશાળ અર્થ સૌના લક્ષમાં હોય છે. જે મહાત્માઓ આત્મદર્શન પામ્યા છે અને આત્મહિતમાં વિઘ્ન કરનાર કારણોને જેમણે જીતી લીધાં છે તે જૈન કે આત્માર્થી મુમુક્ષુ જીવો છે. તે આત્મધર્મ અનાદિ કાળથી પ્રવર્તતો આવ્યો હોવાથી મોક્ષના માર્ગે જ્ઞાનીની આજ્ઞાએ પ્રવર્તતા સૌ ભવ્ય જીવો સનાતન જૈન ધર્મના ઉપાસકો છે.

ઉદ્દેશ:

આ આશ્રમ સ્થાપવાનો પણ એ જ ઉદ્દેશ હેતુ છે કે જાતિ વેષના ભેદ વિના આત્માર્થી મુમુક્ષુ જીવો જ્ઞાની પુરુષની આજ્ઞાએ તે સનાતન આત્મધર્મ સુગમપણે પામે.

જીવન સાફલ્ય નિમિત્ત:

લઘુરાજ સ્વામી ( પ્રભુશ્રી ) નું મોટે ભાગે આશ્રમમાં જ રહેવું થતું. તેમના બોધથી આકર્ષાઈને આત્મહિતની ઇચ્છાવાળા ઘણાં આત્માર્થી સજ્જનો આવવા લાગ્યા. અનેકના વિચારપલટા અને જીવનપલટા થયા. તેમને સત્સંગ, ભક્તિ આદિનો લાભ કાયમ મળવાનો સંભવ જણાવાથી ધર્મશાળારૂપે કેટલીક ઓરડીઓ અને મકાનો બંધાયા. વધતાં વધતાં એક નાનું ગોકુળિયું ગામ હોય તેવું આ આશ્રમસ્થાન બની ગયું છે અને કાયમ સોએક માણસો રહે છે. શ્રીમદ્ રાજચંદ્રનાં વચનો અને તેમની પાસેથી શ્રવણ કરેલા બોધનું રહસ્ય શ્રી લઘુરાજ સ્વામીના સત્સંગે સાંભળીને ઘણાં ભવ્ય જીવો તત્ત્વજ્ઞાનપ્રાપ્તિના પુરુષાર્થમાં, વ્રત પચ્ચખાણ, નિયમાદિપૂર્વક પ્રવર્તતા થયા. આમ સત્સંગનું ઉત્તમ ધામ થવાથી કોઈ માસ બે માસ, કે કાયમના રહેનારા એવા અનેક ભક્તાત્માઓ ઉપરાંત બહાર ગામના તેમ જ આજુબાજુના ગામોમાંથી અનેક જિજ્ઞાસુઓ અહીં આવે છે અને સત્સંગ–સત્શાસ્ત્રના પરિચયથી

જીવન સાફલ્યનું નિમિત્ત પામતા રહે છે. આ આશ્રમમાં મધ્યસ્થ વાતાવરણ હોવાથી શ્વેતાંબર, દિગંબર, સ્થાનકવાસી, વૈષ્ણવાદિ અનેક સંપ્રદાયના પરંતુ આત્માને ઓળખવાની ભાવનાવાળા જિજ્ઞાસુ જીવો આવે છે અને રહે છે.

આશ્રમમાં દાખલ થતાં એક ભવ્ય પ્રવેશદ્વાર છે. જેના ઉપર "ક્ષમા એ જ મોક્ષનો ભવ્ય દરવાજો છે" એ શ્રીમદ્ રાજચંદ્રજીનું વચન અંકિત છે. પ્રવેશ કર્યા પછીના ચોગાનમાં એક મોટું જિનમંદિર છે. જેમાં શ્વેતાંબર અને ઉપર દિગંબર દેરાસર છે, ભોંયરામાં ગુરુમંદિર છે. જેમાં શ્રીમદ્ રાજચંદ્રજીની મોટા આરસપહાણમાં કંડારિત પ્રતિમા બિરાજે છે. એની એક બાજુ પ્રણવ ૐની સ્થાપના છે બીજી બાજુ શ્રીમદ્જીના ચરણચિહ્નની સ્થાપના છે. શ્વેતાંબર મંદિરની જોડે વિશાળ સભામંડપ છે જેમાં શ્રીમદ્જીના ચિત્રપટોની સ્થાપના છે. ત્યાં ભક્તિ, પૂજા, વાંચન આદિની સાધના થાય છે.

પ્રવેશદ્વાર ઉપર પુસ્તકાલય છે. ત્યાં સંસ્કૃત, માગધી આદિ ધાર્મિક પુસ્તકોનો સારો સંગ્રહ છે. એ પુસ્તકાલયની ઉપર અગાસીમાં એક આરસની દહેરીમાં ઊભી કાઉસગ્ગ મુદ્રાની પંચધાતુની શ્રીમદ્જીની પ્રતિમા બિરાજે છે. આ ચોગાનની બીજી બાજુ શાંતિસ્થાન, રાજમંદિર આદિ સ્થાનો છે.

આ સિવાય, બ્રહ્મચારીઓના નિવાસ સ્થાન, ધર્મશાળાઓ આદિ વિશાળ પટ પર પથરાયેલ છે.

આ પ્રવેશદ્વારની જોડેના ખુલ્લા ખેતરમાં આ આશ્રમના અધિષ્ઠાતા શ્રીમદ્‌ના પરમ આશ્રયવંત શ્રીમદ્ સ્વામીશ્રી લઘુરાજ સ્વામી–જેઓનો આ જ આશ્રમમાં સં ૧૯૯૨ના વૈશાખ સુદ ૮ ના રાત્રીના દેહોત્સર્ગ થયો તેઓશ્રીની સમાધિ છે જેમાં તેઓશ્રીના ચરણચિહ્નનું સ્થાપન છે.

પરમ જ્ઞાનાવતાર શ્રીમદ્ રાજચંદ્ર–પ્રકાશિત આત્મ ધર્મરૂપ સનાતન મોક્ષમાર્ગ પામવા તથા આરાધવા જ્ઞાની પુરુષની આજ્ઞાએ ભક્તિભાવના, સત્શ્રુત–વાંચન વિચારણા આદિ સાધનોનો જે ક્રમ પરમ ઉપકારી કલ્યાણમૂર્તિ શ્રી લઘુરાજ સ્વામીએ બોધેલો તે આજે પણ આત્માર્થી મુમુક્ષુજનો ઉલ્લાસથી આરાધી રહ્યાં છે.

સામાન્ય નિત્યક્રમઃ

આશ્રમનો સામાન્ય નિત્યક્રમ આશ્રમવાસીઓ સતત પુરુષાર્થશીલ રહે અને પ્રત્યેકને ભક્તિ ભાવના શ્રુતજ્ઞાન અને આત્મશાંતિમાં વૃદ્ધિ થતી જાય તેવી રીતે પ્રભુશ્રીજી દ્વારા યોજાયેલ છે.

સામાન્ય રીતે સવારના સાડા ચારથી શરૂ થઈ રાત્રિના દશ સુધી આ કાર્યક્રમ ચાલુ હોય છે. જેમાં શ્રી સદ્‌ગુરુપ્રાપ્ત આલોચના, મંત્રસ્મરણ, વચનામૃત વિચારણા, ચૈત્યવંદન, જિનભક્તિ, પૂજા, સત્શ્રુત પઠન–પાઠન, શાસ્ત્રવિચારણા, સદ્‌બોધ શ્રવણ દેવવંદન આદિ સત્ક્રિયા અનુષ્ઠાનોથી આત્મ–ઉજ્જવળતા અને જીવન સાફલ્યનો અપૂર્વ યોગ પ્રાપ્ત થાય તેમ છે. આશ્રમની આજુબાજુના ગામોમાંથી તેમ જ બહાર ગામથી મળી પ્રસંગોપાત બહુ સારી સંખ્યામાં ભાઈ બહેનો લાભ લે છે. મુમુક્ષુઓને આ આશ્રમ તીર્થધામ થયું છે.

આશ્રમવાસીઓના અધ્યાત્મ જીવનને પોષક અધ્યયન– મનનાર્થે આશ્રમમાં એક સુંદર પુસ્તકાલય પણ છે, જેમાં ઉત્તમ દર્શન–ગ્રંથોનો સંગ્રહ છે.

વ્યવસ્થા તથા નિયમોઃ

આશ્રમ સંસ્થા રજીસ્ટર્ડ ટ્રસ્ટ છે. તેની વ્યવસ્થા ટ્રસ્ટ ડીડ મુજબ ટ્રસ્ટીઓ દ્વારા ચાલે છે.

આશ્રમમાં રહેવા આવનાર જિજ્ઞાસુઓને રહેવાની સગવડ ઓરડી કે મકાન મળી શકે છે. જમવાની સગવડ, રસોડામાં પોતાના ખર્ચે થઈ શકે છે. સ્ટેશન ઉપર ગાડીના ટાઈમે આશ્રમના માણસો હાજર હોય છે.

આશ્રમમાં રહેતાં તથા આવતાં જતાં ભાઈ– બેનો માટે બ્રહ્મચર્ય–પાલન, રાત્રિ ભોજન–ત્યાગ આદિ નિયમો મુખ્યપણે આવશ્યક છે.

આશ્રમનાં પ્રકાશનોઃ

આ આશ્રમ તરફથી આજ સુધીમાં આશરે વીસેક ગ્રંથો પ્રસિદ્ધ થયા છે. કેટલાકની એક કરતાં વધુ આવૃત્તિઓ પણ પ્રગટ થઈ છે.

મુખ્યત્વે, "શ્રીમદ્ રાજચંદ્ર"- શ્રી સદ્ગુરુ પ્રસાદ, શ્રી જીવનકળા, મોક્ષમાળા-ભાવનાબોધ, શ્રીમદ્ લઘુરાજ સ્વામી ઉપદેશામૃત આદિ છે.

## ૭. શ્રીમદ્ રાજચંદ્ર વન-ક્ષેત્ર

ઉત્તરસંડા

સંવત ૧૯૫૪માં શ્રીમદ્ રાજચંદ્ર વસો રહેલા અને ત્યાં તેમણે શ્રીમદ્ લઘુરાજ સ્વામીને આત્મજ્ઞાન પ્રાપ્ત કરાવેલું અને ત્યાંથી ખેડા જતાં તેઓશ્રી એકાંત ચર્ચા માટે એક મહીનો ઉત્તરસંડા રહેલા. તે વખતે અહીં જે ખુલ્લાં ખેતરોમાં મકાન હતું તે ધનેશ્વરીના બંગલા તરીકે જાણીતું હતું. આ જગ્યાને તેમણે "વનક્ષેત્ર" તરીકે ગણી તેનું નામ "વનક્ષેત્ર-ઉત્તરસંડા" આપેલ છે.

શ્રીમદ્ લઘુરાજ સ્વામીના પરિચયમાં આવેલા મુમુક્ષુ ભાઈઓએ તેમની પાસેથી શ્રીમદ્જીની દશાની વાત સાંભળેલી તેથી તીર્થરૂપ આ વનક્ષેત્રમાં મુમુક્ષુ ભાઈઓ જાત્રા અર્થે આવતા. મકાન ઘણી જીર્ણ અવસ્થામાં હતું અને રખેવાળ રાખેલો તેની રજાથી એક બે કલાક કોઈને ભક્તિ કરવી હોય તો તે રજા આપતો, પણ સ્વચ્છતાથી બેસવાની કે પાણીની કંઈ સગવડ હતી નહીં. આ જગ્યાએ ભક્તિ માટે બેસવાનું સ્થાન થાય તેવી ઘણાંની ઇચ્છા હતી. તેવામાં નારના શ્રીમદ્ રાજચંદ્ર દેરાસરના ટ્રસ્ટીઓએ આ જગ્યા વેચાતી લીધી અને કોઈ મકાન રીપેર કરાવે તો તે જગ્યા ભેટ આપવાનો વિચાર રાખેલો. બેંગલોરના કેટલાક ભાઈઓએ આ જગ્યા રીપેર કરાવવાની ઇચ્છા દર્શાવી ત્યારે નાર દેરાસરના ટ્રસ્ટીઓએ તેમને ભેટ તરીકે આપી. મકાન ઘણી જીર્ણ અવસ્થામાં હતું એટલે તેમણે ભક્તિની સગવડ રહે તેવું તે જ સ્થાને નવીન મંદિર બંધાવ્યું અને વ્યવસ્થા માટે એક ટ્રસ્ટ કર્યું કે જેથી ટ્રસ્ટીઓ દેખરેખ રાખી શકે.

ટ્રસ્ટીઓએ જતા આવતા મુમુક્ષુઓ માટે ભક્તિ માટે મંદિર ઉઘાડું રહે તેવી વ્યવસ્થા કરી છે.

ઉત્તરસંડા સ્ટેશનથી બે એક ફલાંગ આ મંદિર દૂર છે.

## ૮. શ્રીમદ્ રાજચંદ્ર વિહાર ભવન

ઈડર ( ઘંટિયા-પહાડપર )

પરમ નિષ્કામ, કારુણ્ય મૂર્તિ, સ્વરૂપનિષ્ઠ, મહાન તપોમૂર્તિ, સત્પુરુષો યથા ઉદય જે જે ભૂમિમાં આત્માનંદનાં જે જે આંદોલનો ઉછાળે છે તે તે આંદોલનોથી નિર્જરિત કર્મ-પરમાણુઓ દેહ-દેવળમાંથી સર્વાંગ વિખરાઈ તે તે ભૂમિના આસપાસના વાતાવરણમાં ગોઠવાઈ જાય છે, એવો જ્ઞાનીઓનો-ચૈતન્ય વિજ્ઞાનીઓનો અનુભવ છે. તેવા પાવન વાતાવરણનું સ્પર્શ જે જે સુપાત્ર સત્ સાધકોને થાય છે તે તે સાધક આત્મામાં એવું ઉત્કૃષ્ટ આત્મવીર્ય પ્રગટે છે કે જે આત્મવીર્યથી સાધક સાધનામાં એકનિષ્ઠા અપનાવી ક્રમશઃ આત્મપ્રતીતિ, આત્મલક્ષ અને આત્માનુભૂતિના ત્રિવેણી સંગમમાં અખંડ અને સ્થાયીપણે નિમગ્ન રહી પોતાના આત્માને સાધ્ય-પરમાત્માથી અભેદપણે સિદ્ધ કરી શકે છે, કરે છે. આ રહસ્યને લીધે જ આસ્તિક જગતમાં તીર્થ અને તીર્થયાત્રાની પરિપાટી પરાપૂર્વથી પ્રચલિત છે.

ભૂતકાળે આ ક્ષેત્રે ઘણાં સંત-મહાત્માઓ થઈ ગયા છે. તેઓ પૈકી આજથી ૬૭ વર્ષ પૂર્વે પણ આશ્ચર્યની પ્રતિમારૂપ "યુગપુરુષ સજીવનમૂર્તિ" એક અદ્વિતીય સત્પુરુષ થઈ ગયા 'શ્રીમદ્ રાજચંદ્રદેવ.'

આ પાંચમા આરામાં, આ ક્ષેત્રે એમનું દેહધારણ, અટપટી સાધના પ્રણાલી અને અખંડ સ્વરૂપ જ્ઞાન એ પણ એક આશ્ચર્ય હતું, એમ એમનો પ્રત્યક્ષ કે પરોક્ષ કિંતુ વાસ્તવિક પરિચય થયે કોઈ પણ સુયોગ્ય વ્યકિતને લાગ્યા વિના નહિ રહે.

એ પરમ કૃપાળુએ પોતાના આત્માનંદના આંદોલનથી આ ગુજરાત ભૂમિના અનેક ભૂ-ભાગોને જેમ પવિત્ર બનાવ્યા છે તેમ 'આ ઈડર શહેર, અને તેની આસપાસની પહાડી ભૂમિને પણ પાવન બનાવી છે. આ ઘંટીયો પહાડ તે પાવન ભૂમિ પૈકી એક છે માટે એ પણ એક તીર્થ-ભૂમિ છે.

"એ પરમ કૃપાળુએ આ તીર્થભૂમિમાં આ સિદ્ધ શિલાની પ્રતિક સમી એક સિદ્ધ શિલા ઉપર બિરાજી પૂ. શ્રી લઘુરાજ સ્વામી, પૂ. શ્રી દેવકરણજી, પૂ. શ્રી વેલશી રખજી, પૂ. શ્રી લક્ષ્મીચંદજી, પૂ. શ્રી

મોહનલાલજી, પૂ. શ્રી નરસિંહરખજી અને પૂ. શ્રી ચતુરલાલજી તેમજ બીજા અનેક ભક્તાત્માઓને બોધામૃતનું પાન કરાવ્યું હતું. પાંચ દિવસ સુધી એ પરમ કૃપાળુએ ભવ્યમંદિરો, ગુફાઓ તથા બૃહદ્-દ્રવ્યસંગ્રહ અને ઉત્તરાધ્યયન સૂત્રનું સુંદર વર્ણન કરી જ્ઞાન-પરિચય કરાવ્યો હતો આજે આ સ્થાનને સિદ્ધશિલા તરીકે સૌ કોઈ ઓળખે છે.

અત્યારે જ્યાં મંદિર છે ત્યાં નીચે એક શિલા છે. તેના આગળના વિભાગમાંઃ-

ૐ સહજાન્મ સ્વરૂપ પરમ ગુરુ ચૈતન્ય સ્વામીમ્યો નમઃ।

આ મહામંત્રનું સ્વહસ્ત વડે આલેખન કરી તેની સન્મુખ પોતે યોગાસનરૂઢ થઈ એ મહાનિર્ગ્રંથ સમાધિસ્થ રહેતા અને સિદ્ધ પરમેષ્ટિના અનંત અવ્યાબાધ સુખસમાન નિજ આત્મસુખનો પ્રત્યક્ષ અનુભવ કરી તેમાં તલ્લીન બનતા હતા.

ઉપરોક્ત સંવર, સમાધિ સમયે આત્માનંદના આંદોલનથી પાવન થયેલા પરમાણુંઓ અહિં આસપાસના વાતાવરણમાં ગોઠવાયેલા આજે પણ વિદ્યમાન છે, આ પવિત્ર વાતાવરણ સચવાઈ રહે તથા સુપાત્ર મુમુક્ષુ જીવોને ભાવિમાં પણ લાભ મળ્યા કરે એવા પવિત્ર ઉદ્દેશથી આજથી ૨૮ વર્ષ પૂર્વે સંવત ૧૯૯૬ના વૈશાખ વદી ૧ ના મંગળ પ્રભાતે પરમ કૃપાળુદેવના એક નિષ્ઠાવાન ભક્ત લીંબડી નિવાસી પૂ. શ્રી મનસુખભાઈ દેવસીભાઈના સુપુત્ર પૂ. શ્રી ગીરધરલાલભાઈ એ સંસ્થાને મૂર્તસ્વરૂપ આપ્યું હતું. તેઓશ્રી આ સંસ્થાના પ્રથમ દાતા હતા.

આ વિહાર ભવનની સ્થાપના પૂર્વે પૂ. શ્રી લઘુરાજ સ્વામી આદિસંતો, પૂ. શ્રી પોપટલાલભાઈ, પૂ. શ્રી બ્રહ્મચારીજી તથા ઘણા મુમુક્ષુઓએ આ પાવન ટેકરી ઉપર પધારી અત્યંત ભક્તિભાવથી પરમ કૃપાળુદેવની ભક્તિ કરેલી, તેથી આ સિદ્ધ શિલા ઉપર જ્ઞાની-મહાજ્ઞાની અને મુમુક્ષુઓના મિલનની સ્મૃતિ રૂપે એક આશ્રમ સ્થાપવાની યોજના વિચારાઈ હતી.

( ૧ ) મકાન તૈયાર થતાં પરમ કૃપાળુદેવની પાદુકા પધરાવી પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

( ૨ ) સંવત ૧૯૯૭માં રસોડું શરૂ થયું હતું.

( ૩ ) સંવત-૧૯૯૮ના ફાગણ સુદ ૭ ના રોજ ભગવાન શ્રી સુમતિનાથજીની મૂર્તિની પ્રતિષ્ઠા થઈ હતી.

( ૪ ) સંવત-૧૯૯૯ના ફાગણ સુદ ૭ના રોજ સામેની ટેકરી ઉપર ભગવાન શ્રી ચંદ્રપ્રભુજીના પગલાંજીની સ્થાપના થઈ હતી.

( ૫ ) સંવત-૨૦૦૩માં સ્વાધ્યાય મંદિર સ્થપાયુ હતું.

આ સંસ્થાની પાંચ ટ્રસ્ટીઓનું ટ્રસ્ટી મંડળ વ્યવસ્થા સંભાળે છે.

મુખ્યત્વે હાલમાં ઘણાં વર્ષોથી શ્રી ભોગીલાલ પોપટલાલ આ વિહાર-ભવનમાં સ્થિરનિવાસ કરી સાર-સંભાળ રાખે છે, સ્વ. મણીલાલ માધવજી સંસ્થાની શરૂઆતમાં દેખરેખ રાખતા હતા.

પૂ. વિનોબાજી પધારેલ ત્યારે પ્રવચનમાં કહેલઃ-

"આ સ્થાન બહુ સુંદર છે. તમે તેને સાધકોની સાધના માટે બનાવ્યું છે તે પ્રશંસનીય છે. આપણા ધર્મશાસ્ત્રોમાં તો આવાં સ્થાનોને જ્ઞાન પ્રાપ્તિ માટેનાં જ સાધનો ગણવામાં આવે છે. તમે આ સ્થાનને બહુ સુંદર કર્યું છે. અહીં બધા ધર્મવાળા કે પંથોવાળા આવી શકે છે. કોઈનો ભેદભાવ નથી. શ્રીમદ્ રાજચંદ્રજીવાળાને તો એ જ શોભે અને ભારતને પણ એ જ શોભ."

શ્રીમદ્ પરમકુપાળુએ આ સ્થાનને સિદ્ધશિલા નામ આપ્યું છે તેને આપણે સૌ તેમની ભક્તિ-નિષ્ઠાએ ફળીભૂત કરીએ.

## ૯. શ્રીમદ્ રાજચંદ્ર સમાધિ મંદિર

રાજકોટ

પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રજી સં. ૧૯૫૭ના ચૈત્ર વદ ૫ મંગળવાર તા. ૯-૪-૧૯૦૧ના રોજ રાજકોટમાં સમાધિસ્થ થયા અને જે સ્થાને અગ્નિસંસ્કાર કરવામાં આવ્યાં તે નદી કિનારે સં. ૧૯૯૬માં પેથાપુરના શ્રી હીરાલાલભાઈ ઝવેરી તરફથી આ સમાધિ મંદિર બંધાવી આપવામાં આવ્યું છે.

આ સમાધિ મંદિરમાં–અગ્નિસંસ્કાર સ્થાને સં. ૧૯૯૬ના માહ સુદ ૧૩ને ગુરુવાર તા. ૨૦–૨–૧૯૪૦માં શ્રીમદ્ રાજચંદ્રજીના પુનિત પાદુકાજીની સ્થાપના પૂ. શ્રી બ્રહ્મચારીજીના વરદ હસ્તે ઘણા ભાઈઓની હાજરીમાં થયેલ છે. આ પછી આ મંદિરમાં– એક પબાસણ, ભાઈ રેવાશંકર ડાહ્યાભાઈ સંઘવી ( શ્રીમદ્જીના જમાઈ ) તરફથી બંધાવી આપવામાં આવ્યું અને એ ઉપર શ્રીમદ્જીના ત્રણ અવસ્થાના ત્રણ ચિત્રપટોની સ્થાપના પૂ. શ્રી બ્રહ્મચારીજીના હસ્તે કરાવવામાં આવી છે.

સં. ૨૦૨૨માં આશરે દશેક હજારના ખર્ચે આ મંદિરનું સમારકામ આદિ–શ્રીમદ્ રાજચંદ્રજીના પરમ ભક્ત સ્વ. શ્રી ધારસીભાઈનાં પુત્રીના પુત્ર શ્રી રસિકલાલભાઈ તથા શ્રી જમનાદાસભાઈ એ કરાવ્યું છે. મકાનની સંગીનતા અને બીજી જરૂરિયાતો પણ કરાવવામાં આવી છે.

આ મંદિરની સ્થાપના થઈ ત્યારથી નિત્ય પ્રતિ ભક્તિ–ભજન, દેવવંદન, સ્વાધ્યાય આદિ ક્રમ ચાલુ છે. ધાર્મિક પુસ્તકો પણ રાખવામાં આવેલ છે.

રાજકોટના અને બહારગામથી આવતા ગુણાનુરાગીઓ આ સ્થાનનો સારો લાભ લે છે. મહાત્મા ગાંધીજીના પૂજ્ય, શ્રી રાજચંદ્રનું આ સમાધિ મંદિર જાણી ઘણા દર્શનાર્થે આવે છે.

આ સ્થાનનો વહીવટ–એના મેનેજીંગ ટ્રસ્ટી શ્રી લક્ષ્મીચંદ ડા. સંઘવી સંભાળે છે.

## ૧૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

નરોડા

શ્રીમદ્ રાજચંદ્રજી સં. ૧૯૫૫ માં અહીં પધારેલ સાથે મુનિઓ પણ હતા. શ્રીમદ્જીના બોધશ્રવણથી તથા સ્વામિશ્રી લઘુરાજજીના સમાગમથી અહીંના મુમુક્ષુઓમાં શ્રીમદ્જી પ્રત્યે ભક્તિભાવની સ્ફુરણા થયેલ છે.

શ્રી લઘુરાજ સ્વામીજીની સૂચનાથી નિત્યપ્રતિ ભક્તિ–ભાવના થઈ શકે એવું મકાન રાખવામાં આવ્યું. અને પછી બધા મુમુક્ષુઓના સહકારથી પરમકૃપાળુની કૃપાએ એક સુંદર મકાન–મંદિરનું તૈયાર થયું. અને એમાં શ્રીમદ્ રાજચંદ્રજીના ચિત્રપટની સ્થાપના કરેલ છે.

શ્રી શેઠ જેસંગભાઈ ઊજમસીભાઈએ મંદિર બાંધવામાં સારી રકમની મદદ કરેલ છે. આ મંદિરની વ્યવસ્થા શ્રી છગનભાઈ દેસાઈભાઈ સંભાળે છે.

શ્રીમદ્જી નરોડા પધારેલ ત્યારે નગરશેઠની ધર્મશાળામાં ઊતરેલ અને ત્યાં એક વડ નીચે પોતે બિરાજયા હતા. તે વડની જગ્યાએ ડો. શારદાબેને એક ચોતરો બંધાવી આપી એની સ્મૃતિ રાખી છે.

અમદાવાદ પ્રાંતિજ રેલ્વે લાઈનમાં નરોડા સ્ટેશન છે. આજે તો અમદાવાદથી મોટર રસ્તે સહેલાઈથી જવાય છે.

## ૧૧. શ્રીમદ્ રાજચંદ્ર જૈન મંદિર

કાવિઠા

પરમ પૂજ્યશ્રી લઘુરાજ સ્વામીજીની પ્રેરણાથી સર્વ મુમુક્ષુભાઈઓએ મંદિર બંધાવવા માટેની જમીન સંવત ૧૯૮૫માં ખરીદ કરી હતી.

સંવત ૧૯૯૩ના ચૈત્ર સુદ ૫ ના રોજ શ્રી હીરાલાલ ઝવેરીના શુભ હસ્તે ખાત મુહૂર્તની ક્રિયા કરવામાં આવી હતી. મંદિરનું બાંધકામ સંવત ૧૯૯૮માં પૂર્ણ થયું હતું. સંવત ૨૦૦૪ના વૈશાખ સુદ ૧૩ ના રોજ પ્રતિષ્ઠા કરવામાં આવી હતી.

પરમકૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર પ્રભુની પ્રતિમાની પ્રતિષ્ઠા અ.સૌ. સદ્ગુણાબહેન ન્હાટાના શુભ હસ્તે થઈ હતી. તથા પ.પૂ. લઘુરાજ સ્વામીજીની પ્રતિમાની પ્રતિષ્ઠા શ્રી. સોમાભાઈ પ્રભુદાસના શુભ હસ્તે થઈ હતી.

બીજે મજલે શ્રી તીર્થંકર દેવની ત્રણ પ્રતિમાજીની પ્રતિષ્ઠા કરવામાં આવેલી છે. મૂળ નાયક શ્રી સંભવનાથ પ્રભુની પ્રતિષ્ઠા શ્રી. દલપતભાઈ રતનચંદના શુભ હસ્તે થઈ હતી. શ્રી શાન્તિનાથ પ્રભુની

પ્રતિષ્ઠા શ્રી મનસુખભાઈ ઝવેરભાઈના શુભ હસ્તે થઈ હતી. ત્યાં શ્રી મલ્લિનાથ પ્રભુની પ્રતિષ્ઠા અ.ઔ. સદ્ગુણાબહેન ન્હાટાના શુભ હસ્તે થઈ હતી.

મંદિર બાંધવાનો ખર્ચ રૂા. ૫૧૦૦૦/- ને આશરે થયેલો છે. અને તે બાદ તેમાં નીચે ઉપર આરસની લાદી જડાવી ત્યાં પથ્થરની કમાનો બેસાડી છે. તેમાં આશરે રૂા. ૨૦૦૦૦/- જેવો ખર્ચ કરેલો છે. ત્યાં મંદિરની જોડાજોડા ઉપાશ્રયનું મકાન નવું બે મજલાનું રૂા. ૫૦૦૦૦/- પચાસ હજારના ખર્ચે બનાવવામાં આવેલું છે.

મંદિરનો વહીવટ શ્રી મગનલાલ ફુલચંદ શાહ કરે છે. કાવિઠા જવા આવવા માટે અગાસ સ્ટેશનથી બોરસદ જતી મોટરમાં રસ્તામાં દેદરડા ગામેથી ઊતરીને બે માઈલ ચાલતા જવું પડે છે. અને બોરસદથી પેટલાદ જતી મોટર પણ કાવીઠા ગામમાં થઈને જાય છે. સદરહુ મંદિર પબ્લીક ટ્રસ્ટ એકટ મુજબ નોંધાવેલું છે.

## ૧૨. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

નાર.

શ્રી નાર ગામમાં શ્રી જૈન શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાયની માન્યતાવાળા કેટલાક કુટુંબો હતા. તેમાંથી નાર ગામના પ્રતિષ્ઠિત કુટુંબ પૈકીના એક સદ્ગૃહસ્થ શ્રી લખાભાઈ શિવાભાઈ પટેલ હતા. તેમણે પોતાના આત્મકલ્યાણ માટે ખંભાતમાં શ્રી હરખચંદજી આચાર્યના હાથે દીક્ષા અંગીકાર કરેલ. તેઓ સાધુપણાની અવસ્થામાં શ્રી લક્ષ્મીચંદજી મુનિ તરીકે ઓળખાતા હતા. તે ઉપરાંત નારના સદ્ગૃહસ્થો પૈકી બીજા પણ ઘણાં તે જ સંપ્રદાયમાં દીક્ષિત થયેલા. તે પૈકી મુનિશ્રી ચતુરલાલજી તથા શ્રી નરસી રખજી મલી કુલ ત્રણ મુનિઓ હતા. તે સંપ્રદાયમાં ગણ્યા ગાંઠયા સાધુઓ હતા. તેમાં મુનિશ્રી લલ્લુજી મુનિ આગળ પડતા અને શાંત મુર્તિ સાધુ હતા. તીવ્ર પુરુષાર્થ છતાં સાધુચર્યામાં પોતાની મોક્ષ પ્રાપ્તિની ઈચ્છા સંતોષ પામી નહીં. તેવામાં સને ૧૯૪૬માં તેઓ બધાને મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીનો સમાગમ થયો અને તેઓશ્રીની પ્રત્યે બધાને શ્રદ્ધા ભક્તિ જાગ્યાં. મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજી ઉપર લોકોની શ્રદ્ધા વર્ધમાન થવાના ઘણાં કારણો પૈકીનું આપણ એક સબળ કારણ છે.

મુનિશ્રી લક્ષ્મીચંદને પણ મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્જીની ઘણી મહત્તા લાગવાથી (એમની પૂર્વની ગૃહસ્થાવસ્થાના પુત્ર) શ્રી રણછોડભાઈને સને ૧૯૪૮ માં શ્રીમદ્જીના દર્શન કરાવવા માટે પેટલાદ સ્ટેશને બોલાવેલા અને તેમને શ્રીમદ્જીનો પરિચય એક વડના ઝાડ નીચે થયેલો. પછી શ્રીમદ્ રાજચંદ્રજીને અત્યંત પ્રસિદ્ધિમાં લાવનાર મહાપુરુષ શ્રી લલ્લુજી મુનિશ્રીનો પ્રથમ સમાગમ સંવત ૧૯૬૪ ના ફાગણ માસમાં ફેણાવ ગામે થયેલો. પ્રથમ સમાગમે જ શ્રી રણછોડભાઈએ મુનિશ્રી (પ્રભુશ્રીજી) પાસે "મોક્ષ" ની માગણી કરેલી. તે સમાગમથી તેમને તીવ્ર વૈરાગ્ય જાગૃત થવાથી દેહ જાય તો પણ ધર્મ પ્રાપ્તિ કરવીજ એવો દૃઢ નિશ્ચય કરી શ્રી લલ્લુજી મુનિશ્રીનો વારંવાર સત્સમાગમ કરી, શ્રીમદ્જીના બોધ વચનોનું ગ્રહણ કરી તેઓ શ્રીમદ્જીની ભક્તિ અને તેમના વચનોનું વારંવાર વિવેચન કરી ઘણાં જીવોના સંશયો દૂર કરતા. શ્રી રણછોડભાઈનું હૃદય તીવ્ર વૈરાગી હોઈ ટૂંક સમયમાં ઘણા જીવો ધર્મલાભ પામ્યા છે.

સંવત ૧૯૬૮માં શ્રી રણછોડભાઈ એમુનિ શ્રી લલ્લુજી મુનિ સાથે ખંભાત (વડવા) ના દરિયામાં ૧૯ દિવસ સતત એકધારી અનિદ્રાપણે ભક્તિ કરેલી. તેનો રંગ કોઈ જાુદો જ હતો. ત્યારબાદ સંવત ૧૯૭૩ની સાલમાં ઘાટકોપર (મુંબઈ) મુકામે બે માસ રહી મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીની ઉત્કૃષ્ટ ભક્તિ કરેલી તે ભક્તિમાં જે મુમુક્ષુ ભાઈઓ હાજર હતા તેમને તે છાપ પોતાની હયાતિ સુધી ભુલાય તેવી નહતી.

શ્રીમદ્ની શ્રદ્ધાવાળા મુનિશ્રી લલ્લુજીની વૃદ્ધાઅવસ્થા થવાથી તેમના માટે આશ્રમ બાંધવાની વિચારણા નાર મુમુક્ષુ મંડળને ઉદ્ભવેલી અને તે સાથે શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રની પૂજા ભણાવવાની પ્રથાની શરૂઆત સંવત ૧૯૭૪ ના આસો વદી ૧ ના રોજ (શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્રના જન્મ દિવસે) નાર મુકામે શરૂ કરેલી. ત્યારથી તે પ્રમાણે પૂજા નિયમિતપણે તે દિવસે અત્રે ભણાવવામાં આવે છે. તે

જ સ્થળ ઉપર સવંત ૧૯૮૭ ના વૈશાખ સુદ–૩ના રોજ મંદિર બાંધી મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીના બન્ને અવસ્થાના ચિત્રપટોની સ્થાપના શ્રી લઘુરાજ સ્વામીજીના (પ્રભુશ્રીના) હસ્તે થયેલી; અને તે ચિત્રપટો અત્યારે પણ નવીન શિખરબંધી દેરાસર થતાં શ્રીમદ્ રાજચંદ્રજીની પ્રતિમાજીની સાથે પ્રતિષ્ઠિત કરેલ છે.

શ્રી લઘુરાજ સ્વામીજીના માટે જે આશ્રમ બાંધવાની વિચારણા થયેલી તે સંબંધે સંદેશર મુકામે સંવત ૧૯૭૬ના કારતક સુદ ૧૫ની ભક્તિ પ્રસંગે વધારે રકમની ટીપ થઈ અને અગાસ સ્ટેશન પાસે શ્રીમદ્જીએ નિવૃત્તિ અર્થે શ્રી કાવીઠા જતાં સ્પર્શેલી ભૂમિ પસંદ કરવામાં આવી. તે (આશરે બાર વીંઘા) ભૂમિ, પુણ્યશાળી પવિત્ર આત્મા સંદેશરનિવાસી શ્રી જીજીભાઈએ ઘણીજ ઉદારતાથી આશ્રમ બાંધવા માટે બક્ષિસ આપેલી ત્યાર પછી આશ્રમ બાંધવાની શરૂઆત ભાઈશ્રી રણછોડભાઈએ પોતાના ધંધા રોજગારને ગૌણ કરી, પોતાની સર્વ શક્તિથી કરી.

હાલ નાર ગામે શ્રીમદ્ રાજચંદ્રજીની માન્યતાવાળા લગભગ ૮૦ કુટુંબો છે. શ્રી રણછોડભાઈના સુપુત્રો શ્રી મણીભાઈ તથા શ્રી રામભાઈ તરફથી નવીન શિખરબંધી પથ્થરનું ભવ્ય દેરાસર આશરે રૂા. પાંચ લાખના ખર્ચે બંધાવવામાં આવ્યું છે. મોટા ભાગનો ખર્ચ તેઓશ્રીએ ઉઠાવેલો છે. અને સંવત ૨૦૧૪ના ફાગણ સુદ–૩ ના રોજ ત્રણ મજલાના દેરાસરમાં, નીચે ભોંયરામાં મહાઉપકારી શ્રીમદ્ લઘુરાજ સ્વામીજી (પ્રભુશ્રીજી) ની આરસની ભવ્ય પ્રતિમાજી સ્થાપિત કરેલી છે. તથા વચલે મજલે મહાતત્ત્વજ્ઞ શ્રીમદ્ રાજચંદ્રજીની આરસની ભવ્ય પ્રતિમાજી સ્થાપિત કરેલ છે. તથા ઉપરીગૃહે શ્રી તીર્થંકર ભગવંત મહાવીર સ્વામીજીની આરસની પ્રતિમા સ્થાપિત કરેલી છે. અને શ્રી નાર ગામના મુમુક્ષુભાઈઓ તથા બહેનો; તથા આજુબાજુના ઘણા ભાવિક જીવો દર્શન ભક્તિ કરી તેનો લાભ લે છે.

આ સંસ્થા પબ્લીકટ્રસ્ટ રજીસ્ટ્રેશન એકટ મુજબ નોંધાવેલ છે. અને તેનો વહીવટ મંડળે નિમેલા ટ્રસ્ટીઓ પૈકી શ્રી. રામભાઈ રણછોડભાઈ કરે છે.

## ૧૩. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ

ભાદરણ

પ્રારંભ :

શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસમાં સંવત ૧૯૯૨ ના કાર્તિક સુદ–૧૫ ઉપર થયેલી ભક્તિના યોગમાં પરમ પૂજ્ય શ્રી. લઘુરાજસ્વામિજીની ગર્ભિત સૂચનાથી ભાદરણમાં શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ બાંધવાનું કામ હાથ ઉપર લેવા વિચારણા જાગી.

જમીનપ્રાપ્તિ :

પટેલ કરસનદાસ ભગવાનદાસના વંશજોની ભાઈઓ ભાગની જમીન દરવાજી ભાગોળ નજીક બોરસદ–ભાદરણ ડાઈવરઝન રોડ ઉપરની કેટલીક ધર્મપટ વેંચાણ દસ્તાવેજથી તથા કેટલીક જમીન વેંચાણ દસ્તાવેજથી એકંદરે ૪ વસા ૩ વીસવાસી મેળવવામાં આવી. સંતચરણ સેવક ઉદારચિત્ત શેઠ હીરાલાલ એમ. ઝવેરી તરફથી રૂા. ૨૫૫૧/– ની કિંમતનાં બે નાનાં ઘર નજીકમાં રાખી આ સંસ્થાને અર્પણ કરવામાં આવ્યાં, જેથી આ ઘર નાબુદ કરી એકંદર જગ્યા ૫ વસા–૧૨ વીસવાસી એટલે ૬૭૨૦ ચોરસ ફૂટ થઈ.

શરૂઆત :

આ મકાનની ખાતમુહૂર્તની ક્રિયા સંવત ૧૯૯૩ના પોષ સુદ ૮ ના રોજ વડોદરા રાજ્યનાં શ્રીમંત મહારાણી સાહેબ વતી તેમના પૌત્ર શ્રીમંત ખંડેરાવ રાજે સાહેબના હસ્તે કરવામાં આવી.

મકાનનું વર્ણન

આ મકાન અંગે ૮૦૦ ચોરસ ફૂટના ક્ષેત્રમાં ત્રણ ભોયરાં બાંધવામાં આવ્યાં છે. તે પૈકી પ્રથમ ભોંયરામાં આ આશ્રમના જન્મદાતા તથા આ કળિકાળના મુક્તાત્મા તથા સેંકડો ઇતર સંપ્રદાયના જીવોને વીતરાગ શાસન તરફ વાળનારા પૂ. શ્રી લઘુરાજ સ્વામિજીનું

એક આબેહુબ ઓઈલ પેઈન્ટ ચિત્રપટની સ્થાપના કાવિઠાના રહીશ પટેલ સોમાભાઈ પ્રભુદાસે કરી હતી.

મકાનના મધ્ય ભાગમાં એક સુંદર ઓરડો( ૩૫'×૨૭'×૨૩' ) ના માપનો બાંધવામાં આવ્યો છે. જેમાં કાયમી સિંહાસન ઊભું કરી પરમપૂજ્ય કૃપાળુદેવ શ્રીમદ્ રાજચંદ્ર ( ૭'×૪' ઊભી કાઉસગ્ગ મુદ્રા ) ના ચિત્રપટની સ્થાપના શ્રી હીરાલાલ એમ. ઝવેરી સાહેબ તરફથી કરવામાં આવી હતી. આ સ્થાપના સંવત ૧૯૯૪ના મહા સુદ ૫ ના રોજ પૂ. બ્રહ્મચારીજી ગોવર્ધનદાસજીની હાજરીમાં થયેલી છે. આ ઉપરાંત બે મજલાની સીડીની ઓરડી તથા પશ્ચિમ તરફ ભોંયરા ઉપર બે ઓરડાઓ એક પુસ્તકાલય માટે તથા બીજો સાધુ, સંત, મુમુક્ષુઓને ઊતરવા માટે બાંધવામાં આવ્યા છે. પૂર્વ તરફ એક ઓરડી અલગ બાંધવામાં આવી છે. અને એક ઓરડો રસોડા માટે બાંધવામાં આવ્યો છે. મકાનને ફરતી ગેલેરી બાંધવામાં આવેલી છે. કમ્પાઉન્ડમાં એક બાજુ એક ઓરડો બાંધવામાં આવ્યો છે. અને બીજી બાજુ બાથરૂમ વિગેરે બાંધવામાં આવ્યાં છે. એ રીતે પૂરતી સગવડવાળુ અદ્યતન મકાન બાંધવામાં આવેલું છે. મકાન બાંધકામનું કુલ અંદાજી ખર્ચ રૂા. ૨૦૦૦૦/– ( વીસ હજાર )નું થયું છે.

આ ગામના રહીશ મુમુક્ષુભાઈ બહેનો તરફથી આ આશ્રમનો વાર્ષિક નિભાવ ખર્ચ પૂરો પાડવામાં આવે છે. આ આશ્રમ અંગે એક સુંદર પુસ્તકાલય પણ છે. જેમાં લગભગ ૧૦૦૦ ધાર્મિક પુસ્તકો છે.

ભાદરણ ગામ ખેડા જીલ્લાના બોરસદ તાલુકામાં આવેલું છે. અને આણંદ, વાસદ, અમદાવાદ, ડાકોર, વડોદરા વિગેરે સ્થળો સાથે બસ વ્યવહારથી જોડાયેલું છે. તેમજ ભાદરણ–નડિયાદ નેરોગેજ રેલ્વેનું છેલ્લું સ્ટેશન છે.

સંવત ૧૯૯૪ના મહા સુદ ૫ ના શુભદિવસે શ્રીમદ્ રાજચંદ્ર દેવની સ્થાપના કરવામાં આવી. તે આ ગામમાં એક અમૂલ્ય ગર્ભિત વૃક્ષ રૂપી બીજ રોપાયું. જે વૃક્ષ કાળ પાકતાં ફાલી ફૂલીને વિશાળ વૃક્ષ થશે એવી મહા પુરુષની દેશના છે. એની છાયા નીચે કંઈક એકલા અટુલા વિશ્વમાં નિરાધાર થઈ પડેલા, સંસારના ત્રિવિધ તાપથી તપતા તથા અનેક કષાયોથી માર્યા માર્યા ફરતા કંઈક દીન દુઃખી જીવો, તત્ત્વ જીજ્ઞાસુઓ, વિસામો લેશે અને કંઈક મહત્ પુણ્યના યોગે એના ફળોનો સ્વાદ ચાખવાને ભાગ્યશાળી થશે.

## ૧૪. શ્રીમદ્ રાજચંદ્ર સુબોધ પુસ્તકાલય

વસો

શ્રીમદ્ રાજચંદ્રજી સં. ૧૯૫૪માં વસો પધારેલ ત્યારે શાહ નટવરલાલ શિવલાલના મકાનમાં ઊતરેલા તે મકાનની જોડેનું મકાન સં. ૧૯૮૭માં વેચાણ રાખી એમાં શ્રીમદ્ રાજચંદ્ર–સુબોધ પુસ્તકાલય રાખવામાં આવેલ છે, સ્વ. ભાઈલાલભાઈ જગજીવનભાઈના હસ્તે શ્રીમદ્જીના ચિત્રપટની સ્થાપના કરવામાં આવેલ છે. હાલના ટ્રસ્ટીઓ શા. અંબાલાલ હેમચંદ; શાહ મોહનલાલ હેમચંદ તથા ભાવસાર નટવરલાલ સોમચંદ છે. ને તેઓ વ્યવસ્થા સંભાળે છે.

નડિયાદ, પેટલાદથી ટ્રેનમાં વસો જવાય છે.

## ૧૫. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

બોરસદ

શ્રીમદ્ રાજચંદ્રજીના પરમશ્રદ્ધાન્વિત શ્રી સ્વામિશ્રી લઘુરાજસ્વામિએ અત્રે બે એક ચોમાસાં કરેલ છે. આ સંસ્થાની શરૂઆત તો આશરે પચાસેક વર્ષ ઉપર થયેલ. પછી નવું મકાન, બજારની મધ્યમાં આશરે પચીસેક હજારના ખર્ચે બાંધવામાં આવેલ છે. આ નવા મકાનમાં શ્રીમદ્ રાજચંદ્રના ચિત્રપટની સ્થાપના કાવિઠાના શ્રી. સોમાભાઈ પ્રભુદાસ પટેલના હસ્તે થઈ છે.

સવારસાંજ ભક્તિભાવ–સ્વાધ્યાય મુમુક્ષુભાઈઓ કરે છે.

આ સંસ્થા પબલિક ટ્રસ્ટ તરીકે રજિસ્ટર થયેલ છે. આનો વહીવટ ટ્રસ્ટીમંડળ કરે છે.

## ૧૬. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ

ધામણ( સુરત વિભાગ )

સં. ૧૯૮૯ની સાલમાં વૈશાખમાસમાં શ્રીમદ્ રાજચંદ્રના અનન્ય ભક્ત શ્રી લઘુરાજ સ્વામીજીના સાનિધ્યમાં ભક્તિભાવના પ્રસંગે ઘણાં ભાઈઓને પરમકૃપાળુ પ્રતિ ભાવના થઈ. મુમુક્ષુઓ વધતા જતાં ત્યાં એક સ્થાન ભક્તિભાવનું બનાવવું એમ વિચારણા થઈ સં. ૧૯૯૪ માં ફંડની શરૂઆત કરવામાં આવી. મકાન તૈયાર થયે સં. ૧૯૯૮ માં પૂ.શ્રી. બ્રહ્મચારીજીના શુભ હસ્તે પરમકૃપાળુ દેવ શ્રીમદ્ રાજચંદ્ર દેવના ચિત્રપટની સ્થાપના થઈ. મકાનનો કુલ ખર્ચ રૂા. ૨૭૦૦૦/– ના આશરે થયો. સં. ૨૦૧૯માં ભોજનાલયની મકાનની શરૂઆત કરી રૂા. ૨૦૦૦૦/– ના આશરે ખર્ચથી પૂરું કરવામાં આવ્યું છે.

ધર્મશાળા, અને ગુરુમંદિર તથા જિનમંદિર મોટા ખર્ચે બાંધવામાં આવ્યું છે. અને પાઠશાળા પણ સ્વાધ્યાથાર્થે છે.

આ સંસ્થાનો વહીવટ પંદર સભ્યોની વ્યવસ્થાપક સમિતિ કરે છે. જેના પ્રમુખ શ્રી મનહરલાલ ગો. કડીવાળા છે. વ્યસ્થાપક શ્રી ડાહ્યાભાઈ નાથુભાઈ પટેલ છે. ધામણ વલસાડ જીલ્લાનું ગામ છે. અને નવસારી, સુરત, મરોલીથી મોટર રસ્તે જવાય છે.

સુરત વિભાગમાં આ એક ઉત્તમ ભક્તિનું ધામ બન્યું છે.

## ૧૭. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

સડોદરા : ( સુરત વિભાગ )

સંવત ૧૯૯૫ની સાલમાં ગામના મુમુક્ષુમંડળે એક મંદિર બાંધવાનો વિચાર કર્યો. તેને માટે જમીન ખરીદવામાં આવી. મકાનના ખાતમુહૂર્તની ક્રિયા સ્વ. હીરાલાલ ઝવેરીના શુભ હસ્તે તે જ વર્ષે આસો વ. ૧ને રોજ કરવામાં આવી હતી. સં. ૧૯૯૬ના વૈશાખ સુ. ૩ને રોજ શ્રી જ્ઞાનચંદ્ર ન્હાટા સાહેબના શુભ હસ્તે શ્રીમદ્ રાજચંદ્રદેવના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી હતી. મકાન બાંધવાનો કુલ ખર્ચ રૂા. ૮૦૦૦નો થયો હતો. મુખ્ય સહાયક શ્રી જ્ઞાનચંદ્ર ન્હાટા સાહેબ હતા. મંદિરના હાલના ટ્રસ્ટી તથા વ્યવસ્થાપક શ્રી રણછોડભાઈ હરિભાઈ પટેલ તથા ગોપાલભાઈ માધવભાઈ પટેલ છે. સડોદરા જવા માટે વેસ્ટર્ન રેલ્વેના સ્ટેશનો સુરત, મરોલી, નવસારીથી ઊતરી વેસ્મા બસ મારફત આવી શકાય અને ત્યાંથી એક માઈલ ચાલતા જવું પડે છે.

## ૧૮. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

સુણાવ

શ્રીમદ્ રાજચંદ્રના પ્રત્યક્ષ સમાગમથી પુનિત મુમુક્ષુભાઈ મુનદાસના આ સુણાવ ગામની મધ્યમાં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર આવેલ છે.

મુમુક્ષુભાઈ મુનદાસના કેટલાંક પદો–"રાત દિવસ મને રહેજો રટન તમારું" આદિ આજે પણ ભકતોની જીભ પર રમી રહ્યાં છે. ભાઈ મુનદાસ ઉપરના પત્રો પણ છપાયેલા છે.

શ્રીમદ્‌ના રંગે રંગાયેલા કેટલાક જૈન તેમ પાટીદાર ભાઈઓને ભક્તિનું સ્થાન જરૂરી લાગ્યા કરતું હતું. આ માટે કેટલાક મુમુક્ષુઓએ ફંડ એકત્ર કરી એક મકાન બંધાવ્યું. નીચે સાધુઓને ઊતરવા ઉપાશ્રય અને ઉપર ભક્તિ સ્થાનમાં શ્રી શાંતિનાથ ભગવાનની પ્રતિષ્ઠા કરી.

શ્રીમદ્ લઘુરાજ સ્વામી, મુનિ શ્રી લક્ષ્મીચંદજી મુનિ, શ્રી ચતુરલાલજી આદિ મુનિગણ વારંવાર આ ઉપાશ્રયમાં સ્થિરતા કરતા. એઓશ્રીના સમાગમે શ્રીમદ્‌જી પ્રત્યેની શ્રદ્ધાને ભાવભક્તિ વર્ધમાન થતાં સં. ૧૯૬૮માં શ્રી મુનિશ્રી લક્ષ્મીચંદજીના શુભહસ્તે ઉપાશ્રયમાં શ્રીમદ્ રાજચંદ્રદેવના ચિત્રપટની સ્થાપના થઈ.

સં. ૨૦૧૪માં શ્રી પ્રેમચંદ શેઠે નવું મકાન બંધાવી ઉપરના ગાળે શ્રી શાંતિનાથ ભગવાનની તથા બાજુના એક ખંડમાં શ્રીમદ્ રાજચંદ્રજી તથા સ્વામીશ્રી લઘુરાજ સ્વામિના ચિત્રપટોની સ્થાપના કરી છે.

આ મંદિરના વ્યવસ્થાપક શ્રી નગીનદાસ ખેમચંદભાઈ છે. પેટલાદ તાલુકાનું આ ગામ છે. પેટલાદ આણંદથી મોટર રસ્તે ત્યાં જવાય છે.

## ૧૯. શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર

દેવલાલી

શ્રી જયસિંહભાઈ નારાયણદાસ લખપતવાલાએ સં. ૨૦૨૧માં, ઈ.સ. ૧૯૬૪માં લગભગ રૂા. ૮૦,૦૦૦/- ના ખર્ચે શ્રીમદ્ રાજચંદ્રનું આ ભક્તિધામ દેવલાલીમાં બંધાવ્યું છે.

લગભગ ઈ.સ. ૧૯૬૩માં તેમને તેમના મિત્ર શ્રી શશીકાંત અ. મહેતાનો સંપર્ક વધ્યો. શશીકાંતભાઈ કૃપાળુદેવના અનુરાગી હોવાથી સ્વાભાવિક રીતે જ કૃપાળુદેવની વાતો તેમની પાસે થતી. વળી જયસિંહભાઈનો કંઠ પણ મધુર હતો તેથી શશીભાઈ કેટલીક વખત તેમની પાસે ભજન સાંભળવાની ઇચ્છા પણ કરતા. એક વખતે તેમણે કૃપાળુદેવનું "બહુ પુણ્ય કેરા પુંજથી.." એ કાવ્ય તેમની પાસેથી સાંભળવાની ઇચ્છા કરી. જયસિંહભાઈએ એ કાવ્ય વાંચ્યું અને પછી ગાયું. તે કાવ્યની તેમના પર ઘણી અસર થઈ. ખાસ કરીને નીચેની આ બે પંક્તિઓની :-

"હું કોણ છું ? કયાંથી થયો ? શું સ્વરૂપ છે મારુ" ખરું ?

કોના સંબંધે વળગણા છે ? રાખું કે એ પરિહરુ ?"

આ કાવ્યે જયસિંહભાઈની કૃપાળુદેવ પ્રત્યેની જિજ્ઞાસાને ઘણી વધારી મૂકી. એ જિજ્ઞાસા સંતોષવાનો શશીભાઈએ બનતો પ્રયત્ન કર્યો. સને ૧૯૬૪ના જાન્યુઆરીમાં કૃપાળુદેવના ધામના દર્શનની તીવ્ર ઇચ્છા સંતોષવા જયસિંહભાઈ, શશીભાઈ તથા અન્ય કુટુંબીઓ અગાસ ગયા. થોડા દિવસમાં પણ ત્યાંનું પવિત્ર વાતાવરણ અનુભવી પ્રભાવિત થયા. અગાસથી નીકળી નાર, વડવા આદિ પવિત્ર ધામના દર્શન કરી પાવન થયા. જયસિંહભાઈ તથા તેમના ધર્મપત્ની સૌ. સરોજબહેનને કૃપાળુદેવમાં વિશેષને વિશેષ શ્રદ્ધા થવા લાગી.

આ અરસામાં દેવલાલીમાં તેમનો બંગલો બંધાતો હતો. તેમાં તેમણે એક સ્વતંત્ર રૂમ ભક્તિ માટે અલગ રાખવાનું નક્કી કર્યું અને એ પ્રમાણે કરવા માટે મકાનની બાંધણીમાં થોડો ફેરફાર પણ કર્યો. આ મકાન સં. ૨૦૨૦ના વૈશાખ વદમાં ( ઈ.સ. ૧૯૬૪ જુન ) પૂરું થયું. ચૈત્ર વદ ૫ – શ્રીમદ્‌ની પુણ્યતિથિના દિવસે તે મકાનમાં રાખેલા. ભક્તિના રૂમમાં અન્ય ભક્તજનોની હાજરીમાં કૃપાળુદેવના ચિત્રપટની પધરામણી કરી અને તે આખો દિવસ બધાએ ભક્તિ ભજનમાં ગાળ્યો.

તે દિવસથી રોજ રાત્રે નિયમિતપણે ભક્તિ કરવાનું જયસિંહભાઈએ નક્કી કર્યું. દેવલાલીમાં ભક્તિ કરવા માટેનું આવું કોઈ સ્થળ ન હતું, તેથી દૂર દૂરના સેનિટોરિયમમાંથી પણ લોકો આવવા લાગ્યા, અને પરિણામે ભક્તિ માટે રાખેલો રૂમ પણ નાનો પડવા માંડયો, અને જયસિંહભાઈને નવા વિચારની સ્ફુરણા થઈ.

"ભક્તિનું ધામ ઘરમાં છે તો સૌ કોઈ વિશેષ લાભ ન લઈ શકે. માટે જો કંઈક જાહેર સ્થળ ઊભું થાય તો કૃપાળુદેવના ભક્તને વિશેષ લાભનું કારણ થાય". આવી કંઈક આત્મસ્ફુરિત સહજ વિચારણા તેમને આવી, અને તે વિચારણા અમલમાં મૂકવા તેમણે ચક્રો ગતિમાન કર્યાં.

દેવલાલીમાંની પોતાની માલિકીની કેટલીક જમીન તેમણે મંદિરને અર્પણ કરી અને સં. ૨૦૨૦ની અષાઢી પૂર્ણિમાએ ગુરુ પૂર્ણિમાએ મંદિરનું ખાતમુહૂર્ત, કૃપાળુદેવના ભક્ત અ. સૌ. નીલાબહેન શશીકાંત મહેતાને શુભહસ્તે થયું. તે પછી તો દિવસ કે રાત જોયા વિના અદમ્ય ઉત્સાહથી મંદિરનું કામકાજ આગળ વધારવા માટે શ્રી જયસિંહભાઈ, અ.સૌ. સરોજબહેન તથા અન્ય જનો અવિરત પરિશ્રમ કરવા લાગ્યા. તેમાં કૃપાળુદેવની કૃપાદૃષ્ટિ કોઈ અગમ્ય રીતે કામ કરી રહી હતી એવો કેટલાક પ્રસંગોએ અનુભવ પણ થયો. એઓ બધાના પરિશ્રમ તથા કૃપાળુદેવની કૃપાથી, માત્ર ચાર જ મહિનામાં મંદિરનું બાંધકામ પૂર્ણ થયું.

સં. ૨૦૨૧ની કાર્તિકી પૂર્ણિમાએ (૧૯૬૪ના નવેંબરની ૧૦ તારીખે) અ.સૌ. નીલાબહેનના શુભ હસ્તે કૃપાળુદેવની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી, તથા શ્રી રાવજીભાઈ છે. દેસાઈના શુભહસ્તે કૃપાળુદેવના ચિત્રપટની પ્રતિષ્ઠા કરવામાં આવી.

આ શુભ પ્રસંગે મુંબઈ તથા અન્ય સ્થળોએથી લગભગ હજાર જેટલા મુમુક્ષુઓ આવ્યા હતા. સવારના પાંચથી કે રાતના આઠ સુધી થોડા થોડા સમયના અંતરે ભક્તિભજન, વાંચન, જાપ આદિનો શુભભાવપૂર્વક કાર્યક્રમ યોજાયો હતો. અને મુમુક્ષુઓએ તેમાં ભાગ લીધો હતો. બધા મુમુક્ષુઓના ઉતારાની, તેમજ આહાર વિગેરે આપવા માટે પૂરી સગવડભરી વ્યવસ્થા જયસિંહભાઈએ પોતાને ખર્ચે કરી હતી.

મંદિરના ઉપરના ભાગમાં સ્વાધ્યાય હોલ છે. ત્યાં કૃપાળુદેવનું મોટું ચિત્રપટ રાખવામાં આવ્યું છે. અને નીચેના ભાગમાં, ઈડરના પહાડ પર જેવી શિલા પર બેસીને કૃપાળુદેવ બોધ આપતા હતા તેવી શીલા પર તેમની પ્રતિમા રાખવામાં આવી છે. મંદિરની બાંધણી કારમીંટ પથ્થરોની છે, તેથી અંદરથી આજુબાજુથી દેખાવ ગુફા જેવો લાગે છે. આથી મંદિરની નીચેના ભાગમાં તો કોઈ પર્વતની ગુફામાં મુનિ ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા હોય તેવું વાતાવરણ ખડું થાય છે.

આ મંદિરની બાજુમાં થોડા ઓરડાઓ શ્રી જયસિંહભાઈએ બંધાવ્યા છે, ત્યાં મુમુક્ષુઓને રહેવાની સગવડ અપાય છે. સાથે સાથે નિયમિત રસોડું પણ ચાલે છે. એટલે બહારગામથી ભક્તિની ઇચ્છાથી દેવલાલી જનાર વ્યક્તિને રહેવાની કે જમવાની કોઈ તકલીફ નડે તેમ નથી.

દેવલાલીમાં સામાન્ય રીતે બે વખત દેવવંદન, સાંજની આરતી, રાત્રિની ભક્તિ, વાંચન આદિ થાય છે. ખાસ પર્વના દિવસો જેમકે કૃપાળુદેવની જન્મજયંતિ, નિર્વાણ દિન, આત્મસિદ્ધિ દિન, મહાવીર જયંતિ, પર્યુષણ, દિવાળી આદિ દિવસોમાં લગભગ આખા દિવસનો કાર્યક્રમ યોજાય છે. આ ઉપરાંત જાન્યુઆરી માસની આખરમાં ચાર દિવસ માટે લગભગ દર વર્ષે શિબિર યોજાય છે. તેમાં અગાઉથી નામ નોંધાવી, ભક્તિભજનના ચાર દિવસના ભરચક કાર્યક્રમમાં ભાગ લઈ શકાય છે. ઘણાં મુમુક્ષુઓ આ કાર્યક્રમમાં ભાગ લે છે.

કોઈપણ મુમુક્ષુને માટે સ્વતંત્ર રીતે ભક્તિ, વાંચન, જાપ આદિ કરવા માટે મંદિરના દ્વાર સદાય ખુલ્લા જ રહે છે.

"શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર" દેવલાલી તરફથી પ્રકાશનનું કાર્ય પણ થાય છે. ઈ.સ.૧૯૬૪ ના નવેંબર માસમાં તેનું સૌ પહેલું પ્રકાશન થયું "સ્વાધ્યાય સંચય" તેમાં કૃપાળુદેવના પત્રો, પદો તથા અન્ય કેટલાક પદોનું સંપાદન કરવામાં આવ્યું છે એમાં કેટલાક સુધારા વધારા સાથેની એની બીજી આવૃત્તિ હાલમાં છપાય છે. એ પછી કૃપાળુદેવનું જીવનચરિત્ર અંગ્રેજીમાં પ્રગટ કરવાની વિચારણા ચાલી રહી છે.

આમ દેવલાલીમાં અનેકવિધ પ્રવૃત્તિઓ ચાલી રહી છે અને તેનો વહીવટ શ્રી જયસિંહભાઈ સંભાળી રહ્યા છે. ત્યાંનું સરનામું છે :

શ્રીમદ્ રાજચંદ્ર સ્વાધ્યાય મંદિર,<br>
લામરોડ, દેવલાલી.

## ૨૦. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

ઇન્દોર

સં. ૧૯૯૮ ના કારતક માસમાં શ્રી હીરાલાલભાઈ ઝવેરી તથા શ્રી જ્ઞાનચંદ્ર ન્હાટાની પ્રેરણાથી મંદિર માટે એક મકાન રાખવામાં આવ્યું. ત્યારબાદ સં. ૧૯૯૮ માં ફાગણ વદ ૨ ના પૂ. શ્રી બ્રહ્મચારીજી ઇન્દોર પધાર્યા ત્યારે એમના શુભ હસ્તે શ્રીમદ્ રાજચંદ્રજી પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી.

શ્રી અંબાલાલ જેસંગભાઈ પટેલ આ મંદિરના વ્યવસ્થાપક છે. આ મંદિર–વીર સાવરકર મારકેટ ઇન્દોરમાં આવેલું છે.

## ૨૧. શ્રી રાજમંદિર

આહોર ( રાજસ્થાન )

આ મંદિર રાજસ્થાન પ્રદેશના આહોર ગામમાં આવેલું છે.

આ મંદિરના નિર્માણમાં મુખ્ય પ્રેરણા પરમકૃપાળુદેવના અનન્ય ઉપાસક પૂ. શ્રી લઘુરાજ સ્વામીજીની થયેલ છે. સંવત ૧૯૯૧ માં પૂ. શ્રી લઘુરાજસ્વામી આહોર પધારેલા ત્યારે આ મંદિર બાંધવાનો સંકલ્પ મુમુક્ષુસંઘે કરેલો. સંવત ૧૯૯૩ માં શ્રી બ્રહ્મચારી ગોવર્ધનદાસજીની હાજરીમાં શ્રી પરમકૃપાળુદેવના ચિત્રપટોની સ્થાપના થયેલ. મંદિરની જગ્યા નાની હતી એટલે યથા અવસરે આ મંદિરના ચોગાનમાં વિશાળ રાજમંદિર બનાવવાની ભાવના મુમુક્ષુઓના હૃદયમાં રહ્યા કરતી હતી. સંવત ૨૦૦૧ની સાલમાં નૂતન વિશાળ મંદિર બનાવવા માટે આહોરના મુમુક્ષુઓએ ટીપ એકઠી કરેલી, પણ આજુબાજુની જમીન વખત જતાં મળશે એ આશામાને આશામાં ઘણો વખત વ્યતીત થયો.

સંવત ૨૦૧૯ માં આ ભવ્ય રાજમંદિરનું બાંધકામ શરૂ કર્યું. આજ વર્ષ સં. ૨૦૨૩ ના વૈશાખ સુદ ૧૦ના શુભ દિને આ મંદિરની પ્રતિષ્ઠા થઈ છે.

જિનાલયમાં વિહરમાન ભગવાન શ્રી સીમધરસ્વામી આદિ ત્રણ ભગવાનની આરસ પાષાણની સુંદર પ્રતિમાઓ, ગુરુ મંદિરમાં( ભૂગૃહમાં ) શ્રીમદ્ રાજચંદ્રદેવની આરસ પાષણની સુંદર પ્રતિમા તથા બાજુમાં શ્રી ૐકારની તેમજ શ્રી લઘુરાજસ્વામીનાં પાદુકાજીની સ્થાપના, તથા સભામંડપમાં ( ભક્તિ મંડપ ) શ્રી પરમકૃપાળુ શ્રીમદ્ રાજચંદ્રદેવ આદિના ચિત્રપટોની સ્થાપના સકલ મુમુક્ષુ સંઘે ઘણાં ઉલ્લાસપૂર્વક કરી છે.

આ મંદિરનો વહીવટ શ્રી મુત્તા ફુલચંદજી છોગાલાલજી બન્દા કરતા હતા. તેઓશ્રીના અવસાન બાદ હાલ શ્રી ધર્મચંદજી ફુલચંદજી બન્દા સંભાળે છે.

આહોર જવા માટે અમદાવાદથી દિલ્હી જતી ગાડીમાં વચ્ચે જવાઈબાંધ અથવા ફાલના સ્ટેશને ઊતરીને મોટર મારફત જવાય છે.

## ૨૨. શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ :

હંપિ–દક્ષિણ ભારત

જૈનો, શૈવો અને વૈષ્ણવોનું પ્રાચીન તીર્થધામ આ હંપિ મૈસુરરાજ્યના બેલ્લારી જીલ્લામાં 'ગુંટકલહુબલી' રેલ્વેલાઈનના હોસ્પેટ સ્ટેશનથી ૭ માઈલ દૂર છે. આવવા જવા માટે એસ.ટી. બસ સર્વિસની પૂરતી સગવડ છે. હરિયાળો પ્રદેશ અને ઐતિહાસિક પુરાતત્ત્વ–સામગ્રી વિશ્વભરના યાત્રિયોને અહીં ખેંચી લાવે છે.

આજથી પ્રાયઃ ૧૧૮૬૪૯૩ વર્ષ પૂર્વે જ્યારે વીસમા તીર્થંકર ભગવાન 'શ્રી મુનિસુવ્રતસ્વામીના અનુયાયી વિદ્યાધરોમાં વિદ્યાસિદ્ધ રાજાઓ પૈકી રામાયણ પ્રસિદ્ધ 'વાલી–સુગ્રિવ' જ્યાં રાજ્ય કરતા હતા અને તેઓની રાજધાની જે કિસ્કિન્ધા નગરી કહેવાતી હતી તે જ આ વિદ્યાધરભૂમિ.

સન ૧૨૩૬માં વિજયનગરનું નિર્માણકાર્ય પ્રારંભાયું તે પહેલાં અહીં હેમકૂટને અડીને ઉત્તરીય ખીણમાં હંપિગ્રામ અને દક્ષિણે કૃષ્ણાપુરમગ્રામ હતાં. તથા નદી પાર ભોટ જૈન તીર્થ હતું. હેમકૂટ તથા ચક્રકૂટ નામના બે જૈન તીર્થો પણ હતાં. આ ત્રણે તીર્થો દિગમ્બર સંપ્રદાયને આધીન હતા.

નગરને ઉત્તર કિનારે બારમાસી પ્રવાહવાળી તુંગભદ્રા–નદી અસ્ખલિત પ્રવાહે પ્રવહે છે.

જૈન તીર્થ હેમકૂટ, જૈન તીર્થ ચક્રકૂટ ઉપર કેટલાક જિનાલયોના ખંડેરોની વિખરાયેલી વિસ્તૃતસામગ્રી નજરે જોવાય છે. અહીંના ત્રણેય જૈન તીર્થોનો ઉલ્લેખ જેમાં છે તે શ્વેતામ્બર–દિગમ્બર ઉભય સંપ્રદાયને માન્ય અતિ પ્રાચીન તીર્થવંદના સ્તોત્ર 'સદભકત્યા'માં કહ્યું છે કે :–

"કર્ણાટે હેકકૂટે વિકટ તરકટે ચક્રકૂટે ચ ભોટે, શ્રીમત્તીર્થકરાણામ્ પ્રતિદિવસમહં તત્ર ચૈત્યાનિ વન્દે".

ચક્રકૂટની નીચે ઉત્તરાભિમુખી વેહેતા જલ–પ્રવાહને લોકો ચક્રતીર્થ કહે છે અને તેમાં સ્નાન કરી પોતાના ભવોભવના પાપ–તાપ સમાવ્યાનો સંતોષ મનાવે છે.

**શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ-સ્થાપના :**

હેમકુટની પૂર્વ દિશામાં સડકને અડીને ત્રીસેક એકરના વિસ્તારવાળું સાધારણ ઉંચાઈ ધરાવતું એક શિખર છે, જેને રત્નકૂટ કહે છે. તેના પૂર્વ છેડે માતંગપર્વત આવેલ છે. રત્નકૂટ ઉપર લાંબી મોટી ગુફાઓ તથા કેટલીક નાની ગુફાઓ, પ્રાકૃતિક ચાર કુડો, નાના ખેતરો, અને બાકીનો પુઢવી શિલામય વિસ્તાર છે. જેના ઉપર વિ.સં. ૨૦૧૭ના આષાઢ સુદી એકાદશીએ શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની સ્થાપના ઘણા જ ઉલ્લાસ પૂર્વક યોગાનુયોગે થઈ.

આ આશ્રમના પ્રાદુર્ભાવમાં તથાપ્રકારના કર્મોદયે શ્રી ભદ્રમુનિ મુખ્ય નિમિત્ત બન્યા.

ત્યાં હંપિ–તહસીલદાર ગુણાનુરાગી શ્રી બલલિંગપ્પા આદિ શ્રી ભદ્રમુનિના સત્સંગમાં આવ્યા. તેમણે હોસ્પેટ કોંગ્રેસના વર્તમાન પ્રમુખ એસ.પી.ઝવેરચંદ જૈન આદિ સમક્ષ એવો પ્રસ્તાવ મૂકયો કે જો તમે સ્વામીજીને હંપિમાં રહેવાનું કબૂલ કરાવો તો આશ્રમ માટે રત્નકૂટ ઉપરની મારી જમીન હું ફ્રીપટે આપું." આ પ્રસ્તાવને તેઓએ સહર્ષ વધાવી લીધો અને જમીન ફ્રીપટે મળી.

નામ કરણ :

પટો કયા નામનો બનાવવો એ પ્રશ્ન ઉપસ્થિત થતાં શ્રીમદ્ પરમકૃપાળુદેવના અલૌકિક જીવન સમ્બન્ધી કેટલુંક વર્ણન કરીને શ્રી ભદ્રમુનિએ સૌનો આદરભાવ પેદા કરાવ્યો અને પછી 'શ્રીમદ્ રાજચંદ્રઆશ્રમ' ના નામનો પટો કરવો એમ નક્કી કરાવ્યું. આ પ્રદેશમાં તથા પ્રકારના પ્રચારના અભાવે પરમકૃપાળુ પ્રત્યે કોઈ શ્રદ્ધા–ભક્તિ ધરાવનાર નહોતાં. પણ શ્રી ભદ્રમુનિના પ્રત્યે પૂર્વ પરિચયને લીધે કેટલાકને વિશ્વાસ હોવાથી તેઓએ તેમની વાત માની. વિ.સં. ૨૦૧૭ના અષાઢ સુદી એકાદશીએ ઘણા જ ઉલ્લાસ પૂર્વક આ 'શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમની સ્થાપના થઈ, ગુફામંદિરમાં પરમકૃપાળુદેવના ચિત્રપટની સ્થાપના કરવામાં આવી અને ટ્રસ્ટી મંડળ રચ્યું. નિર્માણકાર્ય આગળ વધવા માંડયું.

હંપિ પ્રથમ–ચતુર્માસ પૂર્ણ થયા પછી રામ નવમીના દિવસે નજીકમાં આવેલી કૃષ્ણપુરમ જાગીરમાલીક આનેગુંદી–રાજ્યના રાજગુરુ, રામાનુજસંપ્રદાયના વયોવૃદ્ધ આચાર્ય શ્રી તોળપ્પાચાર્યેશ્રી ભદ્રભુનિને હોસ્પેટની જાહેરસભામાં લઈ જઈ પ્રવચન કરાવ્યું. આધ્યાત્મિક દૃષ્ટિએ રામાયણના પાત્રોનું વર્ણન સાંભળી તેઓ પ્રમુદિત થયા. ઉલ્લાસમાં આવી જઈ તેઓએ ઊભા થઈ જાહેર કર્યું કે– હંપિ રત્નકૂટ ઉપર અમારા હક્કની જે ભૂમિ છે તે જેટલી જોઈએ તેટલી આજથી હું પૂ. સ્વામીજીને ચરણે સાદર ભેટ ધરું છું. સભાજનોએ આ ભેટની અનુમોદના વ્યક્ત કરી. મૈસુર રાજ્યના તે વખતના ગૃહપ્રધાન આર–એમ. પાટીલ આશ્રમની મુલાકાતે પધાર્યા, અને પ્રભાવિત થઈ આ રત્નકૂટ ઉપર જે સરકારી ભૂમિ હતી તે આ આશ્રમને ભેટ કરી ફ્રીપટો કરાવી આપ્યો. તેઓ અવાર નવાર આ આશ્રમની મુલાકાતે આવે છે. આ પ્રમાણે કૃપાળુની કૃપાથી જ આ આશ્રમને ૩૦ એકરના વિસ્તારવાળું આ રત્નકુટ આખું ફ્રી મારકેટ ઓફ વેલ્યુથી મળ્યું છે. એની સાથે પરમકૃપાળુદેવના નામની સુગંધ દક્ષિણ–ભારતમાં સર્વત્ર પ્રસરી ગઈ.

આશ્રમ અને વ્યવસ્થા :

રત્નકૂટ ઉપર ગમના–ગમન માટે અઢી ફર્લાંગ વ્યવસ્થિત પગ રસ્તો, બે મોટી ગુફાઓ, આઠેક નાની ગુફાઓ, એક મોટી ગુફામાં ચૈત્યાલય, જ્યાં શ્રી ચંદ્રપ્રભસ્વામીની પાષાણ પ્રતિમાજી તથા શ્રી પાર્શ્વનાથજીની ધાતુની પ્રતિમાજી બિરાજમાન છે. સુરમ્ય પાષણ પ્રતિમાજી, ચરણ ચિહ્ન તથા તેમના ચિત્રપટો સ્થાપિત છે. જેમની સન્મુખ બે વખત સત્સંગભક્તિ નિયમિત થાય છે. વ્યવસ્થિત ભોજનાલય, જેમાં સત્સંગ અર્થે આવતા જૈનોને બંને ટંક ફ્રી ભોજન અપાય છે. બહેનો તથા ભાઈઓને માટે ઊતરવાના જુદા જુદા આવાસ છે. તથા કેટલાક ભાવિકોએ પોતાને ખર્ચે બાંધેલા નિવાસસ્થાનો પણ છે. હિસાબ પ્રત્યેક કાર્તિક પૂર્ણિમાએ પરિક્ષીણ પૂર્વક સભામાં જાહેર કરાય છે. આ સંસ્થાના માધ્યમથી અત્યાર સુધીમાં હજારેક નવ–નવા ભાવિકો શ્રીમદ્ પરમકૃપાળુદેવે ચિંધેલા માર્ગ પ્રત્યે શ્રદ્ધાવાન થયા છે અને થતા જાય છે. રહેવાની સગવડ વધતાં તે સંખ્યા ઉત્તરોત્તર વધે એવી સંભાવના છે.

સાધક્રિય નિયમાવલી :

૧. મતપંથના આગ્રહોનો પરિત્યાગના સિદ્ધાન્તાનુસાર ધર્મસમન્વય. ૨. સસવ્યસન, રાત્રિભોજન, કંદમૂળઆદિ અભક્ષ્યભોજન, તથા અબ્રહ્મચર્યાદિના ત્યાગની યથાશક્તિ પ્રતિજ્ઞા પૂર્વક આત્મભાન અને વીતરાગતાનો અભ્યાસ. ૩. સવાર-સાંજ વ્યક્તિગત કિંવા સામુદાયિકપણે નિર્ધારિત ભક્તિ-ક્રમનું આરાધન, સામાયિક-પ્રતિ-ક્રમણઆદિ આવશ્યક ક્રિયા કરવી હોય તેને પોત-પોતાની રીતીએ કરવાની છૂટ. ૪. પ્રતિ રવિવારે મધ્યરાતિ પર્યંત ક્રમબદ્ધ ભક્તિ-સ્વાધ્યાય અને મંત્રધૂનનું સામૂહિક આરાધન, તથા પ્રતિ-પૂર્ણિમાએ અખંડ રાત્રિનું પ્રોગ્રામ જેમાં ભક્તિ, પક્ષાદિઅતિચાર, આલોચના, ખામણા, ભજનો અને મંત્રધૂન, પ્રભાતે પ્રાર્થના, ૫. દિવાળીના ત્રણ દિવસ અહોરાત્ર સામૂહિક અખંડ મંત્રધૂન. ૬. શ્રીમદ્ પરમકૃપાળુની જન્મ તથા પુણ્ય તિથિએ તેમજ પર્યુષણ આદિ પર્વોમાં વિશેષ આયોજનપૂર્વક આરાધના ૭ પ્રતિ-દિન સવારે ૯-૧૦ાા તથા બપોરે ૨ાા-૪ નિયમિત સત્સંગ સ્વાધ્યાય.

## ૨૩. શ્રીમદ્ રાજચંદ્ર મંદિર

વટામણ

વટામણ ભાલ પ્રદેશમાં ધોળકા તાલુકામાં ત્રણેક હજારની વસ્તીવાળું નાનકડું ગામ છે. તે ગામના વેલાણી કુટુંબમાં શ્રી લઘુરાજ સ્વામી (પ્રભુશ્રીજી)નો જન્મ સંવત ૧૯૧૦ માં અશ્વિન વદ ૧ ના રોજ થયેલો તેઓશ્રી શ્રી દેવકરણજી મુનિ સાથે ખંભાત મુકામે સ્થાનકવાસી સંપ્રદાયમાં સં. ૧૯૪૦ ની સાલે દીક્ષિત થયેલા અને ત્યારબાદ સં. ૧૯૪૬ માં ખંભાત નિવાસી શ્રી અંબાલાલભાઈ લાલચંદભાઈના યોગે પ.કૃ. શ્રીમદ્ રાજચંદ્ર સાથે પ્રથમ સમાગમ થયેલો.

આ પછી ઘણાં મુમુક્ષુભાઈઓને શ્રી લઘુરાજ સ્વામીએ (પ્રભુશ્રીજીએ) શ્રીમદ્ રાજચંદ્ર તરફ લક્ષ કરાવ્યો. તે પૈકીની મુમુક્ષુભાઈઓમાંથી પેથાપુર નિવાસી શ્રી હીરાલાલ એમ. ઝવેરીએ શ્રી લઘુરાજ સ્વામીના સ્મારકરૂપે તેઓશ્રીની જન્મભૂમિ વટામણમાં શ્રીમદ્ રાજચંદ્ર મંદિર બંધાવવા સંકલ્પ કરેલો અને તે માટે સંવત ૨૦૦૦ માં શ્રી ગુલાબચંદભાઈના હાથે ખાતમુર્હૂત કરાવી પાયા પૂરેલા. ત્યારબાદ શ્રી નાર મુમુક્ષુ મંડળ તથા શ્રી કાવિઠાના કેટલાક મુમુક્ષુભાઈઓએ સારી એવી રકમ ખર્ચીને બે મજલાનું સુંદર આલીશાન મંદિર પૂ. ભાઈશ્રી મણીભાઈ રણછોડભાઈની પ્રેરણાથી તેમજ તેમના માગદર્શન પ્રમાણે બાંધ્યું છે. શ્રી મણિભાઈએ પણ કાયમ ત્યાં રહી ઘણી તકલીફો વેઠી, જહેમત ઉઠાવી, તન, મન, ધનથી આ મંદિર બાંધવામાં સેવા કરી છે અને આ મંદિરમાં પ. કૃ. દેવ શ્રીમદ્ રાજચંદ્ર તથા શ્રી લઘુરાજ સ્વામી (પ્રભુશ્રીના) ચિત્રપટોની સ્થાપના સં. ૨૦૨૩ આસો વદ ૧ ના રોજ કરી છે.

સદર મંદિરનું ટ્રસ્ટ, નંબર ૯૭૬-એ થી નોંધાવેલ છે. આ મંદિરના હાલના પ્રમુખ નાર નિવાસી શ્રી રામભાઈ રણછોડભાઈ પટેલ છે.

## ૨૪. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર

ઘાટકોપર(મુંબઈ)

સં. ૧૯૭૬ ઈ.સ. ૧૯૧૦ માં નારના સ્વ. શ્રી રણછોડભાઈ લખાભાઈ પટેલ (ભાઈશ્રી) તેમણે ઘાટકોપરમાં ૧૭ દિવસ એક સરખો ભક્તિ-ભજનો કાર્યક્રમ ઉજવ્યો. જેમાં ઘાટકોપરમાંથી તેમજ મુંબઈથી ઘણાં મુમુક્ષુભાઈ-બહેનોએ આ કાર્યક્રમમાં નીયમિત હાજરી આપી, લાભ લઈ બહુ જ પ્રભાવિત થયા. તેમની (ભાઈશ્રી) સલાહ અનુસાર ઘાટકોપરના કેટલાક ભાઈ બહેનોએ સનાવાદ શ્રીમદ્ લઘુરાજ સ્વામી(પ્રભુશ્રીજી)ના દર્શન સમાગમનો લાભ લીધો. આમ આ ભૂમિમાં સત્‌ના બી રોપાયાં. ઈ.સ. ૧૯૫૯ માં ઘાટકોપરના સાત મુમુક્ષુભાઈઓએ મળી શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન પ્રચારક સમિતિ રચી અને શ્રીમદ્‌જીના જ્ઞાન સાહિત્યનો પ્રચાર શ્રીમદ્ રાજચંદ્ર આશ્રમ અગાસદ્વારા છપાયેલા પુસ્તકોથી શરૂ કર્યો. મુંબઈમાં ભક્તિ-ભજનના કાર્યક્રમો ગોઠવ્યા. મુંબઈની જનતા આ કાર્યક્રમથી પ્રભાવિત થઈ. અને સ્વતંત્ર મકાન માટેની માંગણી શરૂ થઈ. મુંબઈના શ્રી મણીભાઈ કલ્યાણજી શેઠે

રૂપીઆ પંદર હજારથી આ જ્ઞાન મંદિરની શરૂઆત કરાવી અને તેને યોગ્ય જમીન મેળવવા મુંબઈમાં સર્વત્ર પ્રયાસ કરતાં છેવટે શ્રીમદ્જીના ગુણાનુરાગી સૌ મુમુક્ષુઓના સાથ અને સહકારથી ઘાટકોપરમાં આ શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાન મંદિર મૂર્તિમંત બન્યું. જેની ઉદ્ઘાટન વિધિ શ્રીમદ્ રાજચંદ્ર જન્મ શતાબ્દીને દિવસે સં. ૨૦૨૪ ના કારતીક પૂર્ણિમાએ નિરધારેલ થયેલ છે. આમ આ જ્ઞાનમંદિર મુંબઈને આંગણે ભક્તિ–ભજનનું અનેરું ધામ બન્યું. આ જ્ઞાન મંદિરના મકાનનું બાંધકામ આશરે રૂ. ચાર લાખનું થવા જાય છે; તેમાં ભોંયતળીએ ૮૦૦ પુરુષો બેસી શકે તેવી સગવડતા વાળો સભાખંડ છે, ઉપલો માળ ૨૫૦ બહેનો માટેનો ભક્તિખંડ છે, તેની ઉપરનો માળ વાંચનાલય–પુસ્તક સંગ્રહ તથા પ્રકાશન ખાતું છે મથાળે ખુલ્લી અગાસીમાં એક હજાર ભાઈ–બહેનો બેસી શકે તેવી સગવડતા વાળો ખંડ છે, પરમકૃપાળુદેવના વિવિધ અવસ્થાના ચિત્રપટો, આત્મસિદ્ધિ તથા તે લખતી વખતનું મોટું ચિત્રપટ તેમજ શ્રીમદ્જીના ઘણાં સુવાકયો ઉપરાંત જરૂરી બીજી સગવડો પણ કરવામાં આવી છે. આ જ્ઞાન મંદિરનું રજીસ્ટર્ડ ટ્રસ્ટ કરવામાં આવ્યું છે.

ટ્રસ્ટીઓ એનો વહીવટ કરે છે.

## ૨૫. શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિ ગૃહ-

મોમ્બાસા આફ્રિકા.

વવાણિયાથી પૂ. જવલબેને મોમ્બાસામાં એક ભાઈએ બંધાવેલ શ્રીમદ્ રાજચંદ્ર સ્મૃતિગૃહની માહિતી મોકલી છે.

આ સ્મૃતિગૃહ ત્યાં સ્મશાન ભૂમિમાં બાંધેલ છે.

## ૨૬. શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર :

અમદાવાદ

"શ્રીમદ્ રાજચંદ્ર જ્ઞાનભંડાર" નામની સાહિત્ય પ્રકાશન માટેની સંસ્થાનો સમાવેશ અમદાવાદ મુકામે ગુજરાત વિદ્યાપીઠ સંચાલિત પુરાતત્ત્વ મંદિરમાં કરવામાં આવ્યો હતો. પરંતુ પુરાતત્ત્વ મંદિર બંધ થતાં હવે 'શ્રીમદ્ રાજચંદ્રજ્ઞાનભંડાર' ગુજરાત વિદ્યાપીઠ ચલાવે છે.

શ્રી ગુજરાત વિદ્યાપીઠ તરફથી 'શ્રી રાજચંદ્ર જયંતીમાળા' પ્રસિદ્ધ થાય છે. એમાં આજ સુધી તત્ત્વજ્ઞાનને લગતાં છએક પુસ્તકો પ્રસિદ્ધ થયાં છે. એમાં શ્રીમદ્ રાજચંદ્રકૃત 'આત્મસિદ્ધિશાસ્ત્ર' અને 'શ્રીમદ્ રાજચંદ્રની દૃષ્ટાંતકથાઓ' આદિનો સમાવેશ થાય છે.

શ્રીમદ્ પ્રત્યે ભક્તિવંત ભાઈઓએ પોતપોતાનાં ગામોમાં સત્સંગ ભક્તિના નિમિત્તે શ્રીમદ્ રાજચંદ્ર મંદિરોની સ્થાપના કરી છે. એવાં સ્મારકોની માહિતી ઉપર પ્રાપ્ત થયા પ્રમાણે આપી છે. આ સિવાય સીમરડા, વઢવાણ, બેંગ્લોર અને વડાલી વગેરે સ્થળોએ 'શ્રીમદ્ રાજચંદ્ર મંદિર'ની સ્થાપના કરવામાં આવી છે.

શ્રીમદ્ રાજચંદ્રના આત્માનુભવી સાહિત્યને સાધનાથી આકર્ષાતા ભક્તોનો સમુદાય વધતો જાય છે તેમ તેમ ઉપાસના–સાધનાનાં સ્થાનો મંદિરો સ્મારકરૂપે વધતાં જાય છે.

આ બધાં સ્મારકો કરતાં શ્રીમદ્ રાજચંદ્રજીનું સૌથી શ્રેષ્ઠ સ્મારક તો શ્રીમદ્ના જીવનસંદેશને ઝીલીને યથાશક્તિ પ્રયત્ન કરી આત્માર્થ સાધવા મથતાં સૌ શ્રીમદ્–ભક્ત મુમુક્ષુજનો જ છે. એવાં મુમુક્ષુજનો શ્રીમદ્ની સત્શિક્ષાને આત્મસાત્ કરી પવિત્ર તીર્થધામ સમાં બની શકે છે અને તેઓનાં અંતઃકરણરૂપી મંદિરમાં કૃપાળુદેવનો સદા વાસ છે.

છેવટે કૃપાળુદેવનાં પવિત્ર ચરણકમળમાં મસ્તક નમાવી પ્રાર્થીએ :

'શું પ્રભુચરણ કને ધરું, આત્માથી સૌ હીન;
તે તો પ્રભુએ આપિયો વર્તું ચરણાધીન'.

આત્મસિદ્ધિશાસ્ત્ર ગા. ૧૨૫